नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं
आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च
सवि जीव करूं शासन रसी

# જૈન શાસન

અઠવાડિક

## શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

जइ परगुणगहणेण वि, गुणवंतो होसि इत्तिएणावि ।
ता किं न करेसि तुमं, परगुणगहणं पि रे पाव !? ।।
જો પરના ગુણો ગ્રહણ કરવાથી પણ તું ગુણવાન થઇ શકે છે, તો હે પાપી જીવ ! એટલા વડે કરીને પણ તું પરના ગુણને કેમ ગ્રહણ કરતો નથી ? ।।

વર્ષ ૨૦

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુતજ્ઞાનભવન, ૪૫, દિગ્વિજયપ્લોટ,
જામનગર – ૩૬૧૦૦૫. (સૌરાષ્ટ્ર) INIDA
ફોન:૦૨૮૮ – ૨૭૭૦૯૬૩

અંક ૧૪

શ્રી જૈન શાસન (અઠવાડિક) ✧ વર્ષ : ૨૦ ✧ અંક - ૧૪ ✧ તા. ૨૭-૫-૨૦૦૮

# કર્મની કરુણ કહાની

લેખક - મુનિશ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'
ચિત્ર - ભાસ્કર સાગર, પૂણે

(હપ્તો - ૧૫)



-10/08/08

आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડિક)

**લવાજમ**
વાર્ષિક રૂા ૧૦૦ • આજીવન રૂા. ૧,૦૦૦
વાર્ષિક પરદેશમાં રૂા ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

**તંત્રીઓ**
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૨૦ ★ સંવત ૨૦૬૪, વૈશાખ વદ -૭ મંગળવાર, તા. ૨૭-૫-૨૦૦૮ ★ અંક : ૧૪

## પ્રવચન

## ૯૫મું

## ?કીર્ણક ધર્મોપદેશ

**સં. ૨૦૪?, પોષ વદિ દ્વિ.-૧, મંગળવાર, તા. ૫-૧-૧૯૮૮**
**શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ-૪.**

**પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા**

*(શ્રી જિનાજ્ઞ કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિ વિધે ક્ષમાપના -અવ૦)*

बाला दा पक्खि, जलयर नरगागया उ अइकूरा ।
जन्ति पुण नरएसु, बाहुल्लेणं न उण नियमो ।।१।।
आहारनि मित्तेणं, मच्छा गच्छंति सत्तमिं पुढविं ।
सच्चित्तो आहारो, न खमो मणसा वि पत्थे उं ।।२।।

સા ખોટું બોલવાથી પૈસો મળે તો ખોટું બોલીને પૈસા મેળ વામાં શું વાંધો તેમ હજી મને પૂછે છે ? સુખ મળે ધર્મથીજ ને દુઃખ આવે અધર્મથી જ. તેમાં ધર્મ નહિ કરવા જેવો ક્યાં ી લાવ્યો ? તમને સમજાવીએ તો ય ઊંધુ જ પકડવાના મને બહાર જઈને કહેવાના કે, 'મહારાજે ધર્મ કરવાની ના પાડી.' દુનિયાના સુખ માટે ધર્મ કરવાની ના પાડું છું., આત્મિક સુખ-સંપત્તિ મેળવવા ધર્મ જ કરવાનું કહું છું. દુઃ ખનો ભય છે અને તે સુખનો ભય નથી તેની આ મોંકાણ છે.

'સુખ ગમતું નથી, સુખની ગભરામણ થતી જાય છે. દુઃખ વેઠવા તૈયાર છું. સુખ છોડવા તૈયાર છું. નથી છૂટતું તેનું દુઃખ છે. દુઃખ નથી વેઠાતું તેનું દુઃખ છે' - આવો જીવ ધર્મી છે. તે માંદો હોય ને કોઈ આશ્વાસન આપવા આવે તો તેજ તેને આશ્વાસન આપે. આજે દવા માટે શું શું ખવાય છે, પીવાય છે તે ખબર છે ? બધા જ પાસે દવા. દવા ખાવી છે પણ પથ્ય પાળવું નથી તો રોગ જાય ખરો ? આત્માનું આરોગ્ય મોક્ષ છે. સંસાર તે જ મોટામાં મોટો રોગ છે. ધર્મ તે ઔષધ છે. ધર્મ પ્રવૃત્તિ તે પથ્ય છે. સંસારની પ્રવૃત્તિ તે કુપથ્ય છે. તમે બધા સંસારની પ્રવૃત્તિ કરો છો તો તે સારી લાગે છે કે ભૂંડી ? ધર્મની પ્રવૃત્તિ કરો તે ખૂબ પ્રેમથી કરો ને ? અધિકને અધિક કરવાનું મન થાય ને ? વેપારની જરૂર ન હોય તો ધર્મ જ કરો ને ?

દુનિયાના સુખના જ અર્થી બને તે પાપી બન્યા વિના રહે નહિ. તે સુખનો લોભ લાગ્યો એટલે પાપ આવ્યું સમજો. જરૂર જેટલું મેળવનારો તેવા પાપ નહીં કરે. મેળવવું પડે માટે મેળવે તે ઓછું પાપ કરે. તમને પાપનો બંધ ઘણો થાય કે પુણ્યનો ? પાપ કરવાનું ઘણું મન થાય કે ધર્મ કરવાનું ? 'અમને અધિકને અધિક ધર્મ કરવાનું મન થાય છે. સંસારનું કામ કરતાં ઘણી ઘણી ગભરામણ થાય છે, ન છૂટકે કરીએ છીએ. ધર્મ ઓછો થાય તેનું દુઃખ છે. ધર્મ કરવાનું જ મન છે. અધર્મ કરવાનું મન નથી, કરવો પડે તેનું દુઃખ છે' - આમ ન બોલી શકો તો ધર્મી ખરા ? આવા વ્યાખ્યાન સાંભળનારા નઠોર


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA

ગણાય. એવા નઠોર વિદ્યાર્થી છે કે તેને ભણાવનારા તેની સામે ય જોતા નથી. તમે શેમાંના છો ? રોજ સાંભળો ને પાપનો ભય ન લાગે ? અધિકને અધિક ધર્મ કરવાનું મન ન થાય ? અધિક ધર્મ કરવાનું મન કે પાપ ? પૈસા મેળવવાનું મન કે છોડવાનું ? તપના પ્રેમી કે ખાવા-પીવાના પ્રેમી ? તપ કરતાં દુઃખ થાય કે ખાતાં પીતાં ? આજે તપ કરે તે સવારથી બગાસા ખાય. તપ કરનારને પણ ખાવાનો જ પ્રેમ, તપનો નહિ.

આજે તપ ઘણો જ વધ્યો છે. તે તપ કરનારાને તપમાં મજા આવે છે ? ખાતી વખતે દુઃખ થાય છે ? ખાવું ગમે કે તપ ગમે ? **ખાવું જ ગમતું હોય તો તે ગમે તેટલો તપ કરે તો તે લાંઘણ કહેવાય !** ખાવાનું વ્યસન લાગ્યું તે ખોટું છે ! શ્રીમંતાઈ ગમે તેને દરિદ્રતા ગમે ? તપ પણ ગમે અને ખાવું ય ગમે તે બને ? તપ ન થાય તેનું દુઃખ પણ છે ?

આ આચાર્ય ભગવંત એ જ સમજાવે છે કે, આ શરીરની મમતા ઓછી કરો. શરીર આપણું નથી. અહીં મૂકીને જ જવાનું છે. મૂક્યા પછી સળગાવી દેશે. ન સળગાવે તો મરકી ફેલાવે તેવી આ જાત છે. માટે આ શરીરની ચિંતા નહિ કરવાની. શરીરથી ધર્મ જ કરવાનો. તપ ગમે તેને ખાવું ગમે નહિ. ખાવું પડે અને તપ કરે તે ધર્મી ! ખાય તે પણ વધારે તપ કરી શકાય માટે. આજના તપ કરનારા આવું બોલી શકે ખરા ? આવું બોલે-માને તેને મરવું પણ મહોત્સવરૂપ થાય. તેની દુર્ગતિ ન થાય, સદ્ગતિ થવાની **શરીરની મમતા, ઈન્દ્રિયોની આધીનતા અને કષાયની પરવશતા તે જ મોટો સંસાર છે** તેનાથી બચવા ધર્મ કરવાનો છે માટે ધર્મ કરનારને પાપ કરવું ન ગમે. કદાચ કરવું પડે તો કમને કરે તેથી અલ્પ બંધ થાય અને થોડા સમયમાં મુક્તિ પામે. આવી દશા પામો તે માટે શું કરવું તે હવે પછી.

(ક્રમશઃ)

---

## દાન સાચું ક્યારે....?

*લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવાની ભાવનાથી દાન અપાય તો તે દાન સાચું બને. બાકી બદલાની ભાવનાથી, આપીશું તો આટલું મળશે, આટલો લાભ તો થશે તો તે દાન, દાન ન કહેવાતા વ્યાપાર કહેવાય. આજે ધર્મમાં દાનનું વ્યાપારી કરણ થઈ રહ્યું છે તે તરફ જો દુર્લક્ષ સેવાશે તો શું થશે તે જ્ઞાની જાણે ?*

*પાંડુ દેવે અર્જુનને એક પગવાળું હરણ સ્થિર ઉભેલું જોયેલ તો તેના ફળરૂપે પાંડુદેવે જણાવેલ કે, આ કલિકાળમાં દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મોમાંથી શીલ, તપ અને ભાવ એ ત્રણ ધર્મ તો નાપના રહેશે અને જે દાન ધર્મ કરાશે તે પણ નામના-કિર્તિ, ખ્યાતિ, પ્રખ્યાતિ માટે કરનારો મોટો વર્ગ હશે. આ વાત આ સાથે સાચી પડી રહી છે.*

*ખરેખર શાસ્ત્રકારોએ દાનનો અર્થ 'ત્યાગ' કહ્યો છે. જેનો ત્યાગ કરીએ તેના ઉપર માલિકીપણું કે પોતાનો અધિકાર રહે નહિ. વ્યવહારમાં આ અંગે બરાબર સમજ ધરાવનારા ધર્મમાં કેમ આ વાતની ધરાર ઉપેક્ષા કરે છે અને અણસમજ રાખે છે તે હજી સમજાતું નથી.*

*આજે દાન બાબતમાં જે રીતે રસમોય ચાલી પડી છે તે આનંદદાયક કે આવકાર પાત્ર પણ નથી. ખરેખર તો ધરમૂળમાંથી ફેરફાર કરવાની તાતી જરૂર છે તો જ દાનનો સ્તંભ અડીખમ મજબૂત ઊભો રહેશે બાકી જે રીતીના સાવ પોલો સ્તંભ થઈ ગયો છે, પડપડુ કરનારો સ્તંભ ક્યારે જમીનધસ્ત થઈ જશે તે કહેવાય નહિ. આવી દશા ન થાય માટે વેળાસર જાગવાની સૌએ જરૂર છે. લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવાના ભાવ વિનાનું દાન **સિદ્ધિતિનું કારણ થતું નથી.** આ વાત હૈયામાં કોતરાઈ જાય, સાચી સમજ પેદા થાય પછી જે દાન નો પ્રવાહ વહેશે તે **જૈન શાસનનો જયજયકાર** કરશે.*

*વાર્તા વિહાર - પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.*

# શાસ્ત્ર સિદ્ધાંત નિષ્ઠ શાસનસેનાની સૂરિદેવ !

*સંકલનકાર - પૂ. મુ. પ્રશાન્ત દર્શન વિ. મ.*

*(વર્ષો પછી થતી વિરલ વિભૂતિ એટલે પરમતારક પરમ ગુરુદેવેશશ્રીજી ! જેમના જીવનની સત્ય સિદ્ધાંત રક્ષાના પ્રસંગોની ઝાંખીનો અત્રે એક પ્રયત્ન કરાયો છે. તેમાં પૂરક માહિતી માટે 'જૈન પ્રવચન', 'વીર શાસન', 'જિનવાણી', આદિનો ઉપયોગ કરાયો છે. અન્ય પ્રસંગો ખુદ પૂજ્યશ્રીજીના શ્રી મુખેથી તથા સુવિહિત પૂજ્યોના જેમ કે સ્વ. પૂ. આ. શ્રી વિ. કનકચન્દ્ર સૂ. મ. આદિના પાસેથી જાણેલા છે. અને વિષયને અનુરૂપ પરિશિષ્ટ રૂપે મુકેલા છે. આ સર્વે સાહિત્યનું પ્રદાન કરનારનો ખૂબજ ઋણી-આભારી છું. તથા પ્રસંગાદિ માહિતીમાં કાંઈજ ખ્યાલ ફેર આદિથી લખાયું હોય તો જાણકારો ધ્યાન ખેંચે તેવી નમ્ર વિનંતી છે. ભૂલ હોય તો દિલગીરી વ્યક્ત કરું છું.*

*વાંચી-વિચારી સૌ સત્ય સિદ્ધાંતના ખપી બની, શાસનની સાચી સેવા-ભક્તિ-આરાધના કરનારા બનો તે જ એક હાર્દિક શુભેચ્છા -સંક.)*

અનંતોપકારી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ સ્થાપેલ શાસન આજ સુધી અનેકાનેક બાહ્ય-અભ્યંતર આક્રમણોનો સામનો કરતું અણિશુદ્ધ અને અખંડ આપણને મલ્યું છે તેમાં સુવિહિત, પરમગીતાર્થ, માર્ગસ્થ, ભવભિરૂ પૂ. આચાર્ય ભગવંતાદિનો ઘણો જ ઉપકાર છે. જ્યારે જ્યારે શાસનમાં વિપ્લવો જાગ્યા ત્યારે ત્યારે તત્કાલીન મહાપુરૂષોએ તેને ખાપવા પ્રાણની આપત્તિઓ, વેઠી, મનમતાંતરો પેદા થયા તો સમજાવવા પ્રયત્નો કર્યા પણ ન જ સમજ્યા તો તેમને અલગ કર્યા. પણ ઓટી એકતા ન કરી તે ન જ કરી. માટે જ લઘુ હરિભદ્રબિરૂદ્ધારી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે જગતના ચોગાનમાં ઉદ્‌ઘોષણા કરી કે, ભગવાન મહાવીરની પાર પરંપરાથી ચાલ્યો આવતો ગચ્છ, તેમાં **તપાગચ્છ એ જ સાચો છે.** અને આવા તપાગચ્છને આપણે પામ્યા તે આપણું પરમ સૌભાગ્ય છે.

આવા તપાગચ્છાલંકાર વીર શાસનના અણનમ સેનાની એટલે જ પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા !

જેમના માટે એક વકીલે લખેલ કે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **દાનસૂરીશ્વરજી મહારાજાની સમુદાયના ખાણમાનો કોહિનૂર હીરો એટલે પૂજ્ય મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજા !**

ઝઝાવાતના એ સમયમાં **'મુનિશ્રી રામવિજયજી'**ના લોકલાડીલા નામે જન જીભે જેઓ, આજે પણ ગવાઈ રહ્યા છે. જેઓએ વીર પરમાત્માની ૭૭ મી પાટને શોભાવી અને પોતાના પરમતારક ગુરૂદેવ સિદ્ધાંત મહોદધિ પ. પૂ. આ. શ્રી. વિ. **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના નામને રોશન કર્યું. !

અમદાવાદના શ્રીમતી મીલ માલિક અંબાલાલ સારાભાઈએ સંવત્સરી જેવા પરમ પર્વને દિને કૂતરાઓ ઉપર કરાવેલા ગોળીબારના સંબંધે 'વીર શાસન'ના તંત્રી અને પ્રકાશક સામે કેસમાં, મેજીસ્ટ્રેટે **'- તે મુનિ રામવિજયજી એક ધર્મઝનૂની સાધુ છે'** - એવા જજમેન્ટમાં લખેલા શબ્દોની સામે એ કેસની અપીલના જજમેન્ટમાં વિદ્વાન ન્યાયાધીશ મી. ડેવીસે પહેલાનાં જજમેન્ટમાં જે **'અનેક સુધારા'** કર્યા હતા તેમાં એ પણ 'સુધારો' કર્યો હતો કે **'તે મુનિ રામવિજયજી એક ધર્મશ્રદ્ધાળુ સાધુ છે' - ધર્મઝનૂની નહિ !**

પૂજ્યશ્રીએ દીક્ષા લીધા પછી ભાવનગરમાં શ્રીમદ્ રાજચંદ્રના મતાનુયાયીઓને તેમના ગ્રન્થનાં આધારે તેમાં કેટલું ખોટું છે તે સમજાવેલ. અને તે શ્રાવકોએ ગ્રન્થમાં સુધારો કરવા,

જણાવેલ ત્યારે પૂજ્યશ્રીએ બેધડક જણાવેલ કે – 'આ એક જ ગ્રન્થમાં આ મુનિશ્રીએ સુધારો જણાવ્યો છે.' એમ લખીશ નહિ તો બધા ગ્રન્થોમાં મેં સુધારા કર્યા એવી છાપ પડે ! એ બધી ભૂલોની જવાબદારી મારી થઈ જાય.

અમદાવાદમાં ભદ્રકાલી માતા આગળ બોકડાનો વધ અને ચા આદિ વ્યસનની મક્તિની વાતો આજેય જનજનમાં યાદ કરાય છે. પોતાની વાણીથી જૈન જૈનેતર જગતને ગાંડુ કરનાર પૂજ્યશ્રી ૧૯૮૫ની સાલમાં મુંબઈ પધાર્યા તે વખતે શાસન પર જે પ્રચંડ આક્રમણો આપ્યા છે. જૈન શાસનની શ્રદ્ધા ઉઠી જાય તેવી શાસન વિરુદ્ધ પ્રરૂપણા સુધારકોને રાજી રાખવા સાધુઓ કરે. તેવા પ્રચંડ આક્રમણ સામે પણ પૂ.ગુરુદેવશ્રીએ એકલે હાથે પ્રતિકાર કરેલ અને ઘણા લોકોને તેમની સામે ભયંકર તેજો દ્વેષ-ઈર્ષા ભાવ હોવા છતાં જરા પણ ગભરાયા વિના તેઓશ્રી **શાસનના સત્યસિદ્ધાંતો પાણીશુદ્ધ બરાબર સમજાવતા.** અડધી રાતે જાસા - ચિઠ્ઠીઓ આવે, વાંચી ન શકાય એવી પત્રિકાઓ – બુલેટીનો બહાર પડે, જેમાં માત્ર એકલું જેર જ ઓકેલું હોય. 'આજે તમારું ખૂન થશે' આવી જાસા ચિઠ્ઠીઓ આવે. આવા વાતાવારણમાં પણ પુજ્યશ્રીએ પોલાદી નિર્ભય છાતી રાખીને શાસન રક્ષા કરેલ છે. **મૃત્યુ થાય તેની ચિંતા ન હતી. માન-સન્માન - અપમાનદિની પરવા ન હતી. ભગવાનના શાસના સિદ્ધાંતની રક્ષા ખાતર બધાને , 'અળખામણા' થાય કે થયા તો ય ગભરાયા નથી.** તેઓશ્રી એક જ વાત કરતા કે – **ભગવાના સિદ્ધાંતને માને તે જ મારા, ભગવાનના સિદ્ધાંતને ન માને તે મારા ગણાતા - કહેવાતા હોય તોય મારા નહિ જ!** આજે જ શાસનની પ્રભાવનાહિ અને જાહોજલાલી દેખાય છે તે તેઓશ્રીએ કરેલ સિંચનનો પુણ્ય પ્રતાપ છે. તે કાળે કાળા વાવટાઓથી સ્વાગત થયા, ચાલુ સામૈયામાં થરાઓ, બાટલીઓ, જોડાઓ ફેંકાતા તો પણ નાહિંમત થયા નથી. તે બધાની દયા જ ચિંતવી છે. કોર્ટમાં કેસો ચાલ્યા તો જજો અને વકીલો પણ તેમનાથી પ્રભાવિત થયા અને 'બિનગુનેગાર' સાબીત થયા છે.

બાલદીક્ષા પ્રકરણ, તિથિપ્રકરણ, દેવદ્રવ્ય રક્ષાદિ પ્રકરણ, સંઘબાહ્ય પ્રકરણ આદિમાં મેરૂસમ ધીરતા અને અણનમ વીરતાથી શાસન સંરક્ષકોની સાથે રહ્યા છે, પડકારો ઝીલ્યા છે – ખમ્યા છે અને સત્યનો જયજયકાર કરાવ્યો છે.

જામનગરમાં પૂ.શ્રી સાગરજી મ. એક જણને દીક્ષા આપી, લોકમાં વિરોધ થયો, તો પૂજ્યશ્રી તેઓશ્રીની સાથે રહ્યા કે, આ દીક્ષા શાસ્ત્રસિદ્ધ અને યોગ્ય છે. તેના પડઘા મુંબઈમાં પડ્યા, મુંબઈમાં તોફાનો થયાં તો ય પૂજ્યશ્રી ગભરાયા નહીં. તેવી જ રીતે પૂ.આ.શ્રી નેમિસૂરીજી મહારાજે પરમાનંદજીને સંઘ બહાર કર્યા, ત્યારે પૂજ્યશ્રીએ તેમની પડખે અડીખમ ઉભા રહીને ઘણું ઘણું સહન કરેલ. લાંછન પ્રકરણ પણ ખૂબ જ પ્રસિદ્ધ છે. **પૂ. ગુરૂદેવશ્રી ભગવાનના સત્ય સિદ્ધાંતો ખાતર ઘણા બધા આચાર્યોની પડખે ઉભા રહેલ, પણ તેમાંના ઘણા ખરાએ પોતાના સ્વાર્થ ખાતર પૂજ્યશ્રીને પડતા મુક્યા છતાં તેમના મુખ ઉપર કોઈ જ વૈર વિરોધ કે હતાશાનો ભાવ દેખાયો નથી.** પુજ્યશ્રીજીને **ભગવાનના સત્ય સિદ્ધાંતની વાતમાં કોઈનીય પરવા રાખવાનું મન થયું નથી. મોટા મોટા રામરબંધી ગણાતાની શેહ શરમમાં આવ્યા નથી, અવસરે રોકડું પરખાવી દીધું છે, કોઈ રાજી થાય કે ન થાય , કોઈ ભગત થાય કે ન થાય, પણ સિદ્ધાંત મુજબ પ્રરૂપણા કરવી, શાસન નાશક આક્રમણોનો એકવીરમલ્લની જેમ પ્રતિકાર કરી, શાસનનો સત્ય સિદ્ધાંત માર્ગ ઝળહળતો રાખી ગયા છે.**

તેથી જ એક અન્ય ગચ્છીય આચાર્ય પણ આવા ભાવનું કહેલ કે –'' **આવા ઝંઝાવાતી સુધારક તોફાનોના કાળમાં જો મુનિ રામવિજયજી ન થયા હોત તો સાધુઓ બાલમંદિરાદિમાં શિક્ષક હોત અને સાદવીઓ હોસ્પિટલમાં નર્સો હોત !''**

વડોદરા રાજ્ય તરફથી 'સંન્યાસ દીક્ષા પ્રતિબંધનો જે ખરડો રજુ કરાયા પછી જે રીતનો તેનો જોરદાર પ્રતિકાર કરી, જનમતમાં જેનો સખત વિરોધ કરાયો હતો તેથી જ અંતે તે ખરડો રદ કરવામાં આવ્યો હતો.

*(ક્રમશઃ)*

# શાસનનો મર્મ

પૂ. આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ.

✣ દુકાન ખોલી બેસેલાને ગ્રાહક આવે તે ગમે કે ગ્રાહક શોધવા નીકળવું પડે તે ગમે ! તેમ મનુષ્ય જન્મમાં આવ્યા પછી કોઈ માગવા આવે તે ગમે ને !

✣ ઘરે આવેલાને તમે 'આવો...' બોલો તેનું નામ 'આવકાર' ! 'આવો.....આવો.....' બોલો તેનું નામ સંભ્રમ ! અને મૌન રહેવું તેનું નામ તિરસ્કાર ! તમારે ત્યાં આ ત્રણે વાત પ્રસિદ્ધ છે ને !

✣ પૈસા આપવા આવે તો આનંદ પામો કે પૈસા માગવા આવે તો આનંદ પામો !

✣ દાન ધર્મ અભ્યસ્ત થાય તો ઔદાર્યગુણ આવે અને ઘરે આવેલાને સંભ્રમપૂર્વક આવકાર આપે તો દાક્ષિણ્યગુણ પ્રગટે છે.

✣ સંયોગો જોઈને ધર્મ કરે તો ધર્મ ન થાય. ભગવાનની આજ્ઞા પ્રમાણે ધર્મ કરે તો ધર્મ થાય.

✣ ધર્મ કરવા અનુકૂળતા કરી અપાય પણ ઈચ્છા મુજબ કરવા અનુકૂળતા ન અપાય.

✣ સુખ મળવાનું નથી તે ખાત્રી હોય તો સુખ મેળવવાનો પ્રયત્ન કરવા કરતાં સુખ છોડવાનો પ્રયત્ન કરવામાં લાભ છે.

✣ સુખ ઈચ્છા મુજબ મળવાનું નથી અને દુઃખ ટળવાનું નથી તો બહેતર છે કે દુઃખ વેઠતાં અને સુખ છોડતાં શીખી લઈએ તો કોઈ તકલીફ નથી.

✣ ઈચ્છાનો અંત લાવવા પ્રયત્ન કરે તો એકાંતે લાભ જ છે.

✣ ધર્મ ન કરવાનો પરિણામ મિથ્યાત્વના ઉદયના ઘરનો છે. ધર્મ ન કરવા દે તે વીર્યાંતરાયના ઘરનો છે.

✣ શક્તિ હોવા છતાં ધર્મ ન કરવો તેનું નામ વીર્યાંતરાયનો ઉદય !

✣ અનુકૂળતાનું અર્થીપણું ધર્મની આરાધના નહિ કરવા દે. જે દિવસે અનુકૂળતાનું અર્થીપણું ટાળવાનું મન થશે તે દિવસે ધર્મની આરાધનાનું મન થશે.

✣ વિરતિનો ધર્મ પામ્યા પછી અવિરતિનો ભોગવટો આચાર કહેવાય કે અનાચાર !

✣ ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થયા પછી વીર્યાંતરાયનો ક્ષયોપશમ કરતાં ન આવડે તો જેને ચોથા ગુણઠાણે કે પહેલા ગુણઠાણે જવું પડે તે અનાચારનો પ્રભાવ છે. સમ્યક્ત્વ રહ્યું તે બોલવાનું કે ચારિત્ર ગયું તે બોલવાનું !

✣ આપણા ઉપર લોકોએ કેટલા ઉપકાર કર્યા તે યાદ કે આપણે અનેક લોકો ઉપર કરેલા ઉપકાર યાદ !

✣ સુખ આપવું તેનું નામ ઉપકાર નહિ. સુખ છોડાવે તેનું નામ ઉપકાર !

✣ આધિ-વ્યાધિ-ઉપાધિ ટાળે તેનું નામ ઉપકાર નહિ. જ્ઞાન-દર્શન-ચારિત્ર આપે તેનું નામ ઉપકાર.

✣ 'હું સુખી છું' તેમ આખા ગામને સંભળાવ્યું પણ હજી સુધી 'હું સાધુ થયો નથી' તેમ કોઈને કહ્યું નથી.

✣ આજે પુણ્ય પર જેટલો વિશ્વાસ છે તેટલો ક્ષયોપશમભાવ પર નથી.

✣ પુણ્ય ઉપર અવિશ્વાસ તેનું નામ લક્ષ્મીનો અનુત્સેક !

✣ પુણ્યથી મળેલી સામગ્રીને સાચવવાનું, વધારવાનું, ટાપટીપ કરવાનું મન છે તે બધો લક્ષ્મીનો ઉત્સેક ગર્વ છે.

✣ સંસારની સામગ્રી પુણ્યથી મળે. આત્માની તારક સામગ્રી ક્ષયોપશમભાવથી મળે.

✣ કટાસણા-ચરવાળા આદિ ધર્મના ઉપકરણો સાધનો પ્રત્યે તારકપણાની બુદ્ધિ થશે ત્યારે સમજવું કે ક્ષયોપશમભાવ આવ્યો. (ક્રમશઃ)

# જીવ રક્ષાનો મહિમા

*(ભીમકુમારની કથા માંથી)*

આજ ભરતક્ષેત્રમાં કમલપુર નામે નગર છે. ત્યાં પ્રજાપાલક અને ન્યાયનિષ્ઠ એવો હરિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શીલ-અંલકારથી વિભૂષિત મદનસુંદરી નામની વલ્લભા પટરાણી હતી. તે એકવાર સુખે સુતી હતી એવામાં પોતાના ઉત્સંગમાં રહેલ સિંહને સ્વપ્નમાં જાયું. તેણે તે હકીકત રાજાને કહી. રાજા પણ તે સાંભળી આનંદ પામ્યો. પછી પ્રભાતકૃત્ય કરી સભામાં આવીને રાજાએ સ્વપ્નશાસ્ત્રમાં વિશારદ એક બ્રાહ્મણને બોલાવીને આસન આપી બેસાડીને પૂછ્યું, કે -'હે નિમિત્તજ્ઞ! સ્વપ્નોનાં ફળ કહો:' એટલે બ્રાહ્મણ બોલ્યો, - 'હે નરેન્દ્ર ! સાંભળો - શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે કે જો સ્વપ્નમાં ગાયપર, બળદપર, પ્રાસાદપર કે હાથીપર આરોહણ કરવાનું જોવામાં આવે અથવા પોતાનું રૂદન કે અગમ્ય સ્થાનમાં ગમન જોવામાં આવે તો તે મરણસૂચક છે .

વસ્ત્ર, અન્ન-ફળ, તાંબૂલ, પુષ્પ,દીપ, દધિ, ધ્વજા, રત્ન, ચામર અને છત્ર -એ જો મંત્રથી મેળવેલા સ્વપ્નમાં જોવામાં આવે તો ધનપ્રદ થાય છે. દેવનું દર્શન થાય તો તે ધન્ય છે અને પૂજન તો વિશેષ ધન્ય છે. રાજ્યપાલ, પયપાન અને સૂર્ય તથા ચંદ્રના દર્શનથી લક્ષ્મીનો લાભ થાય છે . પોતાને તેલ અને કુંકુમથી લિપ્ત ગીત નૃત્યમાં તત્પર અથવા હસતો જુએ તો તે દુ:ખદ થાય છે. આ પંડીતોક્તિ અન્યથા ન સમજવી. વિશેષમાં પ્રશસ્ત શુકલ બધુ શુભ છે અને નિંદ્ય કૃષ્ણ બધુ અશુભ છે. હે દેવ ! ઈત્યાદી સ્વપ્નશાસ્ત્રમાં બહુ વાતો કરેલી છે. આ પ્રમાણે સાંભળીને રાજાએ પુનઃ પૂછ્યું -'આજ રાત્રે સ્વપ્નમાં પોતાના ઉત્સંગમાં રાણીએ સિંહ જોયો છે; તો હે પંડીત ! તેનું શું ફળ પ્રાપ્ત થશે ? તે બોલ્યો, - 'હે રાજન્ ! તમને પુત્રનો લાભ થશે.' પછી રાજાએ અત્યંત સંતુષ્ટ થઈને તે બ્રાહ્મણને સન્માન પૂર્વક બહુ ધન આપી વિસર્જન કર્યો. અનુક્રમે રાણીએ સારા સમયે અતિ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. એટલે કુળક્રમાનુસાર ઉત્સવપૂર્વક રાજાએ તે પુત્રનું નામ **ભીમ** રાખ્યું. તે ભીમકુમાર પાંચ ધાત્રીઓથી લાલન પાલન કરાતો અનુક્રમ માતાપિતાના મનોરથની સાથે વૃદ્ધિ પામવા લાગ્યો. તેને બુદ્ધિસાગર મંત્રીના પુત્ર મતિસાગરની સાથે મિત્રાઈ થઈ. તે તેને પરમ ઈષ્ટ અને પરમ વલ્લભ થઈ પડ્યો. એક ક્ષણવાર પણ તે તેના વિયોગને સહન કરી શકતો નહિ. અનુક્રમે ભીમ કુમાર શાસ્ત્ર અને શસ્ત્રાદી કળામાં પ્રવીણ થયો.

એકવાર રાજા રાજ્યસભામાં પુત્રની સાથે ઉચિતાસન પર બેઠો હતો, એવામા વનપાલકે આવીને વિજ્ઞપ્તિ કરી, - 'હે સ્વામિન્ ! દિવ્ય વાણીવાળા દેવચંદ્ર સૂરીશ્વર ચંપક ઉદ્યાનમાં પધાર્યા છે.' તે સાંભળી હર્ષથી રોમાંચિત થઈને રાજાએ એક મુગટ સિવાય બધા અંલકારો પોતના અંગપરથી ઉતારીને તેને ઈનામમાં આપી દીધા. પછી કુમાર, મંત્રી અને સામંતાદિ સહિત રાજા મુનીંદ્રને વંદન કરવા ગયો. ત્યાં ઉત્તરાસંગ કરી અંજલીપૂર્વક ગુરૂમહારાજને વંદન કરી રાજા યથાસ્થાને બેઠો. ગુરૂમહરાજે પાપનો ધ્વંસ કરનારી ધર્મ-લાભરૂપ આશીષ આપી. પછી તેમણે આ પ્રમાણે ધર્મદેશના આપી :-

''હે ભવ્યજનો ! જેમ કોઈ કાચબો અગાધ સરોવરમાં રહેતો હતો, ત્યાં વાયુથી શેવાલ દૂર થઈ જતાં તે અવકાશમાંથી તેણે ચંદ્રમાને જોયો; પરંતુ પુનઃ વાયુ વડેજ તે અવકાશ શેવાલથી પૂરાઈ જતાં તે કાચબાને ચંદ્રના દર્શન દુર્લભ થઈ પડ્યાં, તેમ પ્રાણીને મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ સમજવી. જેને અનુત્તરવિમાનવાસી દેવતાઓ પણ પ્રયત્નથી પામી શકે છે, એવા આ માનવભવને પામીને ઉત્તમ જનોએ શિવમાર્ગમાં અવશ્ય યત્ન કરવો.''

ઈત્યાદિ બહુધા ગુરુકથિત ધર્મદેશના સમ્યક્ પ્રકારે સાંભળીને ભાલતલપર અંજલિ રચીને રાજા ગુરુને ભક્તિપુર્વક નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરવા લાગ્યો, - 'હે પ્રભો ! હું યતિધર્મ ગ્રહણ કરવામાં અશક્ત છું; માટે કૃપા કરીને મને ગૃહસ્થધર્મ આપો, એટલે ગુરુ મહારાજે રાજાને સમ્યક્ત્વમૂળ બાર વ્રતરૂપ ગૃહસ્થધર્મ આપ્યો. રાજાએ તે ધર્મનો સમ્યગ્રીતે સ્વીકાર કર્યો. ભીમકુમાર પણ તે દેશના સાંભળીને શ્રદ્ધાયુક્ત થયો, એટલે ભીમકુમારને યોગ્ય જાણી પુનઃ મુનીંદ્ર બોલ્યા :-''હે ભીમ ! સાંભળઃ -

''धर्मस्य दया जननी,

जनक: किल कुशलकर्मविनियोग: ।।

श्रृद्धातिवल्लमेयं,

सुखानि निखिलिलान्यपत्यानि'' ।।

**'દયા એ ધર્મની માતા છે, કુશળ કર્મનો વિનિયોગ એ તેનો પિતા છે, શ્રદ્ધા એ તેની વલ્લભા છે, અને સમસ્ત સુખો એ તેના અપત્ય છે.'** હે ભીમ ! તારે સર્વદા દયા પાળવી. નિરપરાધી જીવોની હિંસા ન કરવી, અને - શિકાર વિગેરેનો તો સર્વથા તારે અભ્યાસજ ન કરવો.'' પછી ભીમે નિરપરાધી જીવોના વધનું પચ્ચક્ખાણ કર્યુ અને સમ્યક્ત્વ પણ પામ્યો, એટલે પુનઃ મુનિ બોલ્યા, 'હે કુમાર ! તું ધન્ય છે. તું બાળ છતાં તારી મતિ વૃદ્ધ જેવી છે.' વળી ભીમને વ્રતમાં સ્થિર કરવા માટે પુનઃ મુનિએ કહ્યું, ''હે ભદ્ર ! નિરપરાધી જીવોની હિંસા ન કરવાના સંબધમાં એક ઉદાહરણ સાંભળ :-

કોક છ પુરૂષો એક ગામનો નાશ કરવા માટે ચાલ્યા, તેમાં એક બોલ્યે જો બલ્યો, 'પશુવધથી આપણને શું પ્રયોજન છે ? માત્ર મનુષ્યોનો વધ કરવો.' ત્રીજો બોલ્યો, 'પુરૂષોનો વધ કરવો, પણ સ્ત્રીઓનો વધ ન કરવો.' ચોથો બોલ્યો , 'જેમના હાથમાં શસ્ત્ર હોય એવા પુરૂષોને મારવા, બીજાને ન મારવા' પાંચમો બોલ્યો, 'જેઓ આપણો ઘાત કરવા સામા આવે તેમને મારવા, બીજા શસ્ત્રધારીને ન મારવા.' છઠ્ઠો બોલ્યો, 'કોઈને પણ મારવાની જરૂર નથી, માત્ર તેની સારી સારી વસ્તોઓજ લઈ લેવી.' એમના મનની ભિન્નતાને લીધે કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ અને શુક્લ એમ છ લશ્યાઓ થઈ. એમ જાણીને શુક્લ લેશ્યા ધારણા કરવી. કહ્યું છે , 'લઘુકર્મી ! ઉત્તમ જેનો અલ્પ ઉપદેશથી પણ ભીમકુમારની જેમ કુપ્રવૃત્તિથી નિવૃત થાય છે.''

પછી ભીમકુમારે મુનીશ્વરને પૂછ્યું :- 'હે પ્રભો ! આપને આવી તરૂણાવસ્થામાં વૈરાગ્ય પામવાનું કારણ શું ? એમ પૂછતાં મુનીશ્વર બોલ્યા કે :- 'હે ભીમ ! સાંભળઃ-

''કુકણદેશમાં સિદ્ધપુર નામનું નગર છે. ત્યાં ભુવનસાર નામે રાજા રાજ્ય કરતો હતો. તે એકવાર સભામાં બેઠો હતો, એવામાં દક્ષિણદેશના નૃત્ય કરનારા આવ્યા. તેમણે સમ-તાલયુક્ત મૃંદગાદિક તથા તાલ, છંદ અને રાગને અનુસરતો 'તાતા દ્રંગ દ્રંગતિ ધપ મપ ધોં ધોંતા થંગનિ ધિધિકટિ ધિધિકટિ પુર્વક' - સુંદર આલાપ કરીને પ્રક્ષણી (નાટક) શરૂ કર્યું, એટલે સભામાં બેઠેલ રાજા તે જોવામાં લયલીન થઈ ગયો. એવામાં દ્વારપાળે આવીને વિજ્ઞપ્તિ કરી - પ્રભો ! અષ્ટાંગ નિમિત્તને જાણનાર કોઈ નૈમિત્તિક આવ્યો છે, તે આપનું દર્શન કરવા ઈચ્છે છે.' રાજાએ કહ્યું - 'અ અવસર ક્યો છે ? દેવતાઓને પણ દુર્લભ એવું આ નાટક થાય છે તે જોતો નથી ? અમાત્ય બોલ્યો - 'હે સ્વામિન્ ! એમ ન કહો, નાટક સુલભ છે, પણ અષ્ટાંગ નિમિત્તજ્ઞ પુરૂષ દુર્લભ છે.' પછી રાજાની આજ્ઞાથી દ્વારપાળે તે નૈમિત્તિકને સભામાં પ્રવેશ કરાવ્યો, જેના હાથમાં પોથી છે અને જેની આકૃતિ સુંદર છે એવો શ્વેત વસ્ત્રધારી તે રાજાની પાસે આવ્યો, અને મંત્રોચ્ચાર પુર્વક રાજાને આશીર્વાદ દઈને યથોચિત સ્થાને બેઠો. રાજાએ તેને પૂછ્યું, 'હે નિમિત્તજ્ઞ તમને કુશળ છે ? દીન વાણીથી નિમિત્તજ્ઞ બોલ્યો, હે સ્વામિન્ ! કુશળ તો એવું છે કે જે કહી પણ ન શકાય.' આથી રાજા સાંશક થઈને બોલ્યો , -'શું વાદળ ત્રુટી પડશે? ' તે બોલ્યો, 'હે રાજન્ ! તમે જે બોલ્યા, તે સત્ય જ છે.' એટલે પુનઃ સાશંક થઈને રાજાએ આદરપૂર્વક કહ્યું - 'એ ભદ્ર ! જ્ઞાનથી જે તમારા જાણવામાં આવતું હોય, તે નિઃશકંપણે કહો.' નૈમિત્તિક બોલ્યો, :- 'હે સ્વામિન ! બહુ કહેવાથી શું ? ટુંકમાંજ કહું છું કે એક મુહૂર્ત પછી પૃથ્વીપર મેઘ એવી રીતે મૂશળધાર વરસશે કે જેથી પ્રસાદ, મંદિરાદી બધું જળમય અને એક સમુદ્રાકાર થઈ જશે.'

(ક્રમશઃ)

# સર્વત્ર ભાગ્ય ફળે છે

લેખક - મુનિશ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'

(હપ્તો - ૫)

ચિત્ર - ભાસ્કર સાગર, પૂણે



# મહાસતી સુલસા શ્રાવિકાની અદ્ભૂત અંતિમ સાધના....

રાગ : (હરિગીત)

રચયિતા : પૂ. મુનિ હિતવર્ધન વિજય મ.

**પૂર્વ ભૂમિકા :-**

આયુષ્યનો ક્ષય જાણીને સુલસા સતી જાગ્રત થતી
ગુરૂદેવના આમંત્રતી સંલેખનાના હેતુથી
ગુરૂ વંદના કરી ધીરમતિથી તે કરે છે પ્રાર્થના
ગુરૂદેવ મારા ચિત્તની આજે કોર નિર્યામણા...૧..

જે જન્મ પામે છે જીવો તે અચૂક મૃત્યુ પામતાં
પંડિતમરણને પામવા વિવેકીઓ ઉદ્યત થતાં
હે ભાગ્યશાળી સાંભળો નિર્મળમતિ ધારણ કરો
ઉત્તમ સમાધિ માર્ગ પર સ્થિરતા ધરીને સંચરો...૨..

**દશપ્રકારની અંતિમ આરાધનાનો ઉપદેશ :-**

જે જે કર્યા અતિચાર તેની આદરો આલોચના
જે જે સ્વીકાર્યા વ્રત ફરી તેની કરો ઉચ્ચારણા
જે જે થયાં અપરાધ તેની આપજો ક્ષમાપના
હિંસાદિ પાપ સ્થાનકો તેની કરો વિસર્જના...૩...

અરિહંત આદિચારનું અંતિમ પળે શરણું ગ્રહો !
જે જે કર્યા દુષ્કૃત્ય તે સઘળાયની ગર્હા કરો !
ગુણવંતના ગુણો તણી મનમાં કરો અનુમોદના
તીર્થંકરે જેવી કહી એવી ધરો શુભ ભાવના...૪...

અશનાદિ ચાર પ્રકારના આહારને પરિત્યાગજો
પરમેષ્ઠી પાંચેનું સ્મરણ નિજ હૃદયમાં અવધારજો
આરાધના એ દશ પ્રકારે આદરો વિવેકવંત !
અંતિમ સમય આવ્યો નજીક તેથી બનો ઉપયોગવંત...૫...

**(૧) અતિચારની આલોચના :-**

અતિચારની આલોચના ત્યારે કરે સુલસાસતી
ગુરૂચરણમાં મસ્તક ધરી મન-વચન ને કાયા થકી
જે પ્રથમ જ્ઞાનાચાર છે અતિચાર તેના આઠ છે
તેમાં થયાં જે દોષ તે આજે બધા મિથ્યા થજો...૬..

અજ્ઞાનથી મેં અધ્યયન જે કાળવેળામાં ક
ભણનારને વિઘ્નો કર્યા અભિમાન શ્રુતનું જે ક
અવિધિથકી વિદ્યા લીધી આશાતના શ્રુતની ક
શ્રુતજ્ઞાનની ને જ્ઞાનીની જે ભક્તિ ના મે આચરી...૭..

પુસ્તક વિગેરે સાધનો ઉપકરણ બીજા પણ ઘણ
શ્રુતજ્ઞાનના તેની કરી જીવતર મહિં વિટંબણ
સઘળાય આ અતિચારની આજે કરૂં આલોચન
મન-વચન ને કાયા વડે શ્રુતને કરૂં છું વંદના...૮..

જે દેવ-ગુરૂને ધર્મમાં નિશ્ચળ મતિ મેનાધરી
જે દેવ-ગુરૂ ને ધર્મની નિંદા કરી ગર્હા કરી
જિનધર્મના ફળને વિશે શંકા ધરી દુર્બુધ્ધિથી
મિથ્યાત્વના આચારની ઈચ્છા કરી મૂઢતા થકી...૯..

જે દેવને ગુરૂદ્રવ્યનું ભક્ષણ કર્યું દુર્વ્યય કર્યો
સદ્દ્રવ્યના દુર્વ્યય વિશે વિરોધ જે મે નહિ કર્યો
સમકિતવંતોનું કર્યું વાત્સલ્ય નહિ જે જીવનમ
અતિચાર એવા જે કર્યા તેજી કરૂં આલોચના...૧૦..

ત્રણ ગુપ્તિનું સેવન કર્યું નહિ વિષય સુખમાં રત બની
ને પાંચ સમિતિના ધરી પરમાદને આધીન બની
જે પૃથ્વી - પાણી અગ્નિને વાયુ વનસ્પતિના જીવો
જે શંખ કૃમિને છીપ વિગેરે જીવ છે બેન્દ્રીયો...૧૧...

જે કીડી મકોડા કુંથુઆને ધૂણ પ્રમુખ તે ઈન્દ્રીયો
જે વીછી મધમાખી વિગેરે પ્રગટ છે ચઉરિન્દ્રિયો
જલમાં રહે ભૂમિપર વસે કે ગગનમાં જે સંચરે
તિર્યંચને માનવ વિગેરે જે કહ્યાં પંચેન્દ્રિયો...૧૨...

ઉપર કહેલાં જીવ ગણને જે હણ્યાં ક્રુરતા થકી
જે સૂક્ષ્મ કે બાદર જીવોનો વધ કર્યો આજ્ઞાનથી
અભિઘાત આદિ દશ પ્રકારે જે કરી વિરાધના
એકેન્દ્રિયાદિક જીવની તેની કરૂં આલોચન ...૧૩...

જે ક્રોધથી કે લોભથી ડરથી વળી જે હાસ્યથી
જૂઠા વચન મેં ઉચ્ચાર્યા તે પાપ મુજ મિથ્યા થજો
ધન-ધાન્ય આદિ દ્રવ્ય જે અનુમતિ વિના પરના ગ્રહ્યાં
ત્રીજા અદત્તાદાનનું તે પાપ મુજ મિથ્યા થજો...૧૪...

તિર્યંચના કે દેવના ને માનવોના યોગથી
મૈથુન કર્યું અનુરાગથી તે પાપ મુજ મિથ્યા થજો !
ધન-ધાન્ય આદિ નવ પ્રકારે જે પરિગ્રહ મે ગ્રહ્યાં
અતિચાર એવા આજ મુજ મિથ્યા થજો! મિથ્યા થજો!..૧૫..

અશનાદિ ચાર પ્રકારનું જે રાત્રિભોજન મેં કર્યું
સહુ પાપના કારણ સમું આ પાપ મુજ મિથ્યા થજો !
ચારિત્રના આચારમાં અતિચાર એવા જ કર્યા
મન વચન ને કાયા વડે તેની કરૂ આલોચના...૧૬...

શક્તિ હતી તોયે છતાં તપનું કર્યું નહિ આચરણ
રસનાં મહિં લોલુપ થયો તે પાપ મુજ મિથ્યા થજો !
શુભ કાર્યમાં શક્તિ છતાં ને વીર્ય મે નહિ ફોરવ્યું
અતિચાર વીર્યાચારના આજે બધા મિથ્યા થજો ...૧૭...

(૨) વ્રતોચ્ચારણા :-

જે બારવ્રતનો ભૂષિત છે મુજ જીવનને મુજ આતમા
એમાં થયાં અતિચાર જે તેની કરૂં આલોચના
એ બાર વ્રતને આજ ગુરૂની પાસ હું ફરી ઉચ્ચરું
અતિચારને કરી વેગળા તેનું સદા પાલન કરું...૧૮...

(૩) ક્ષમાપના :

જે જે કર્યું મે પરપીડન તેની હવે ઇચ્છું ક્ષમા
જે જે કર્યા અપરાધ મે માંગુ હવે તેની ક્ષમા
પ્રત્યેક જીવની પાસ હું અપરાધની માગું ક્ષમા
સમતા તણી લક્ષ્મીવસો મુજ ચિત્તમાં મુજ હૃદયમાં ..૧૯..

હું મિત્ર છું સૌ જીવનો સર્વે જીવો મુજ મિત્ર છે
સાચું કહું ના કોઇપર દુર્ભાવ છે કે દ્વેષ છે
સંવેગનો અમીરસ હવે મુજ હૃદયને પાવન કરો
મારા જીવનમાં આજથી જીવમૈત્રીની ગંગા વહો...૨૦...

(૪) પાપત્યાગ :

હિંસા અને જુઠા વચન પરિત્યાગ તેનો હું કરું
જે ચૌર્યને મૈથુન ક્રિયા પરિત્યાગ તેનો હું કરું
કિંચન્યના જે નવ પ્રકારો ત્યાગ તેનો હું કરું
ચારે કષાયો ચિત્તથી આજે હવે હું પરિ હરું ...૨૧...

હું રાગને વળી દ્વેષને આધીન હવે કદી નહિ બનું
અનુકૂળ કે પ્રતિકૂળ પર રતિ-અરતિ ધારણ નહિ કરું
નિંદા અને પૈશુન્યનો પણ ત્યાગ આજે હું કરું
અસૂયા અને માયામૃષા પરિત્યાગ તેનો હું કરું...૨૨...

જે કલહ ને સંકલેશિતા પરિત્યાગ તેનો હું કરું
સૌ પાપના ઉદ્‌ગમ સમા મિથ્યાત્વને પણ પરિહરું
અષ્ટાદશ સ્થાનક કહ્યાં છે પાપના તીર્થંકરે
તે સર્વને હું પરિહરું મન વચનને કાયા વડે...૨૩...

(ક્રમશઃ)

## શ્રી અરનાથ ભગવાન

મુજ મનમાં વસ્યા રે, મુજ પ્રાણ તણાં આધાર,
દિલાસો જો નવિ મળે, તો બગડે ભવ અપાર,
શ્રી અરજિન સાંભળો રે મુજ મનડાની વાત....
મારે તુમ સમકો નહિ રે, તારે મુજ સરીખા લાખ,
મુજ માનીતો તું થયો રે, તેથી કરુણા તું દાખ......
તારી આણા હું ઉત્થાપું તો હું છું મતિહીન,
ઉંચો કેમ હું આવીશ, બનીશ જો સુખમાં લીન. ..
અંતરજામી તું ગમે રે, ન ગમે મને બીજું નામ,
સેવક જાણી તારજો, રે, એક જ તું મુજબ સ્વામ....
ત્રણ જગતમાં ત્રણ પ્રકારે, હું છું સેવક તારો,
માગું વિરાગ ત્યાગ ફળ જેનું ભવથી મુજને ઉગારો....

# મહારાજ સાહેબ સહિત સંખ્યાબંધ જૈનોએ દીપચંદ ગાર્ડી અને પ્રકાશ ઝવેરીનો તીવ્ર વિરોધ કર્યો.

ભગવાન મહાવીરના ૨૬૦૦માં જન્મકલ્યાણક મહોત્સવની અસૈદ્ધાંતિક ઉજવણીના વિરોધમાં મલાડ (પૂર્વ) ના રત્નપુરી દેરાસરમાં ગઈ કાલે બપોરે યોજાયેલી જાહેર સભામાં ઉપસ્થિત રહેલા દોઢેક હજાર જૈનોએ આ ઉજવણી સામે સ્ટે મેળવવા કોર્ટમાં જવાનો નિર્ણય લીધો છે. સભામાં મહોત્સવની મહાસમિતીના પ્રમુખ દીપચંદ ગાર્ડી અને મહાસચીવ પ્રકાશ ઝવેરી સામે એકસૂરે તીવ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રત્નપુરી દેરાસરસ્થિત હિતવર્ધન વિજય મહારાજ સાહેબની આગેવાની હેઠળ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવના ભાગરૂપે મહાસમિતિ સરકાર સાથે મળીને મહાવીર ભગવાનની ટપાલટિકિટ અને તેમના નામના સિક્કા બહાર પાડવાની, મહાવીર ભગવાનના જીવન પર ફિલ્મ અને નાટક બનાવવાની, જૈન આગમોનો અનુવાદ કરાવવાની અને જાહેર સ્થળોને મહાવીર ભગવાનનું નામ આપવાની હોવાથી આનો અમુક જૈન અગ્રગણીઓએ વિરોધ કર્યો છે. આ બધું જૈન ધર્મના સિદ્ધાંતની વિરુદ્ધ હોવાનું તેમનું કહેવું છે. હિતવર્ધન વિજય મહારાજસાહેબે ધર્મની દૃષ્ટિએ આ ખોટું કેમ છે એ વ્યાખ્યાન દ્વારા શ્રાવકોને સમજાવ્યું હતું. આ મુદ્દે તેમણે જૈનોને જાગ્રત થવા કહ્યું હતું.

જાહેર સભામાં ચંદ્રાવતી બાલુભાઈ ખીમચંદ રિલિજિયસ ટ્રસ્ટે તૈયાર કરેલી 'નહીં જોઈએ ૨૬૦૦મી રાષ્ટ્રીય ઉજવણી' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકામાં સરકારે મહાસમિતિ સાથે મળીને મહોત્સવ માટે જાહેર કરેલા મુદ્દાની આકરી ટીકા કરવામાં આવી છે. દરેક મુદ્દાની સામે વિરોધના પાંચ મુદ્દા મુકવામાં આવ્યા છે. ટ્રસ્ટના એક્ટિવ કાર્યકર દિલીપ મહેતાએ 'મિડ-ડે' ને કહ્યું હતું કે 'આ અસૈદ્ધાંતિક ઉજવણી સામે વિરોધ પ્રગટ કરવા માટે જાહેર સભામાં હાજર રહેલી દરેક વ્યક્તિની સહી સાથે એક પત્ર અમે વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી, સાંસ્કૃતિક પ્રધાન અનંતકુમાર, ઊર્જા ખાતાનાં રાજ્યપ્રધાન જયવંતીબહેન મહેતા, મહાસમિતિના પ્રમુખ દીપચંદ ગાર્ડી અને મહાસચિવ પ્રકાશ ઝવેરીને મોકલ્યો છે. અમે તેમને આ બધો ભપકાદાર ખર્ચો રદ કરવાનું કહ્યું છે. જો તેઓ આનો કંઈ જવાબ નહીં આપે તો અમે કોર્ટમાંથી સ્ટે મેળવવા માટે અરજી કરીશું.'

સભામાં હાજર રહેલા એક જૈન અગ્રણીએ પોતાનું નામ ન જણાવવાની શરતે 'મિડ-ડે' ને કહ્યું હતું કે 'જૈન ધર્મ મુજબ શ્રમણો (મહારાજસાહેબ)ને પૂછ્યા વગર આ પ્રકારના મહોત્સવ વિશે કોઈ પણ નિર્ણય ન લઈ શકાય. છેલ્લો નિર્ણય શ્રમણોનો જ હોય. પણ મહાસમિતિના પ્રમુખ દીપચંદ ગાર્ડી અને મહાસચિવ પ્રકાશ ઝવેરી પોતાની નામના ખાતર ધર્મની વિરુદ્ધ આ કામ કરી રહ્યા છે, જે અમે કોઈ પણ ભોગે ચલાવી નહીં લઈએ.' અન્ય એક જૈન અગ્રણીએ 'મિડ-ડે' ને કહ્યું હતું કે 'દીપચંદ ગાર્ડીએ પોતે થોડા સમય પહેલાં કહ્યું હતું કે હું મહાવીર ભગવાનની ટપાલટિકિટ અને તેમના નામના સિક્કા બહાર પાડવા નહીં દઉં તેમ જ તેમના પર સિરિયલ પણ બનવા નહીં દઉં અને હવે પ્રમુખપદે તેઓ જ આ બધું કરી રહ્યા છે. આને લીધે જૈનોમાં અસંતોષની લાગણી ફેલાઈ છે.'

આના સંદર્ભમાં ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મકલ્યાણક મહોત્સવની મહાસમિતિના મહાસચિવ પ્રકાશ ઝવેરીએ 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'ટપાલટિકિટ પર મહાવીર ભગવાનની છબિ નથી. અમે મહાવીર ભગવાનના જીવન પર કોઈ ફિલ્મ કે નાટક નથી બનાવ્યું તેમ જ આગમોનો અનુવાદ પણ નથી કરાવ્યો. આવી કોઈ પ્રપોઝલ જ નહોતી.'

મહોત્સવની મહાસમિતિના મહાસચિવ પ્રકાશ ઝવેરી સાથે વાત કર્યા બાદ ટ્રસ્ટના એક્ટિવ કાર્યકર્તા દિલીપ મહેતાનો સંપર્ક સાધતાં તેમણે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'ગઈ કાલે ટપાલટિકિટ બહાર પાડવામાં આવી જ છે. જ્યાં સુધી સિરિયલની વાત છે તો ભગવાન મહવીર પર 'જય ભગવાન મહાવીર' નામની મેગા સિરિયલ બની રહી છે. આ સિરિયલનું ૨૬ માર્ચે દબદબાભર્યું મુહૂર્ત કરાયું હતું. આશિષ સી. નામનો એક્ટર આ સિરિયલમાં મહાવીર ભગવાનની ભૂમિકા ભજવવાનો છે. અમારી માહિતી પૂરેપૂરી સાચી છે.'

વહેણ ઉજું : એક પ્રેરક પ્રસંગ....

# માંગવા જેવું મોત

- શૌર્યવાણી

તે પુન્યાત્મા બહુનામી હોવા છતાંય આપણે અત્રે તેમનો નામોલ્લેખ ટાળીશું. ચોક્કસ આશયપૂર્વક જસ્તો.

જેમનું મંગલમય મૃત્યુ, કોઈ પણ સાધકના દિલમાં હુંફાળી ઈર્ષ્યા જગાડી દે, તેવા જ મૃત્યુની પ્રતીક્ષા પાછળ; એવા એક સ્વનામ ધન્ય શ્રદ્ધારત્ને અરજી જાણેલી મૃત્યુની મંગળ ગાથાઓનો આપણે અહિ સ્વાધ્યાય કરવો છે.

અલબત્ત, તે પૂર્વે તેમના જીવા ગગન ભણી પણ એક ઝડપી દૃષ્ટિપાત કરી લઈએ.

શાસ્ત્રાકારોએ ઉચ્ચાર્યું : શ્રાવક સંસારનો નિવાસી હોવા છતાં સંસારથી તે કદાપી લેપાતો નથી. ભોગ સુખોને ઉપભોગી બનવા છતાં ભોગ સુખો શ્રાવકનો 'ભોગ' ક્યારેય લઈ શકાતાં નથી. ઉપરથી શ્રાવક ભોગ સુખોનો ભોગ લેતો રહે છે. તે સંસારી રહીનેય પ્રસાધનો, વિલેપનો, સેંટ, પરફ્યુમ્, જેવા સાધનોનો કદીય વપરાશ ન કરે. તે વસત્રોની વેષ-ભૂષાથીય વેગળો બનતો ચાલે. અહિંસા તેની જીવાનશૈલી હોવી ઘટે. સર્વસંગનું ધૂનન કરીને મેળવી શકાતું ચારિત્ર્ય તેન જીવનનો ધ્યેયમંત્ર બની જાય.

બસ ! શાસ્ત્રોમાં છૂપાયેલી આવી - આવી અનૂઠી વાતો આ આરાધકના જીવનમાં અમલીકરણનો વિષય બનીતી.

તેમનો જીવનરથ આયુષ્યની મજલપર પૂરવેગે દોડી રહ્યો તો.

જન્મજાત જૈનત્વ ધરાવનારા તે શ્રેષ્ઠી પાછા ધર્માનુરાગી પણ ખરા.

તત્કાલીન જૈન શાસનમાં વિખ્યાતિને વરેલા અનેક સુવિહિત સૂરિજનો તેમજ સાધુજનોનો સંપર્ક કેળવી - કેળવીને તેમણે ધર્મના ઉંડાણ સુધીની મુસાફરી કરી જાણી. તે દ્વારા ધર્મને જીવનમાં જીવન્ત બનાવી જાણ્યો.

જીવનના મધ્યાહને પહોંચ્યા પછી તો તેમની ધર્મપરાયણતા વાંસલાના દંડની જેમ કૂદકે ને ભૂસકે વિસ્તરે જ જતી તી.

એક પુન્યવંતી પળે તેમણે અભિગ્રહ સ્વીકાર્યો; જીવનભર સ્નાન નહિ કરવાનો. બસ ! ત્યારથી તેમણે જીવન પર્યન્ત માટે સ્નાનને તિલાંજલી આપી દીધી.

બીજી એક ધન્ય ક્ષણે તેમણે સંકલ્પ કર્યો. પહેરેલા કપડા પણ જાતે જ ધોવા. ધોબીને કે મજૂરણને વસ્ત્રો સોંપીને હિંસાની બેમર્યાદ શૃંખલાએ સરજી દેવી તેમને ના પસન્દ બની.

ત્રીજી એક મંગલપળે તેમણે નિશ્ચય કર્યો : શરીરના સીધા કે આડકતરા પણ ઉપયોગમાં, વસ્ત્ર શુદ્ધિ માટે પણ સાબુ નો ઉપયોગ કરવો નહિ. હાથ ધોવા માટે પણ નહી જ.

જીવનના શેષ ૧૨-૧૨ વર્ષ સુધી તેમણે ઉપર્યુક્ત ત્રાણેય પ્રતિજ્ઞાએનું બધ્ધમૂલ રીતે પરિપાલન કર્યું.

વસ્ત્રો પણ તેઓ હાથે જ ધોતા. તેય ૨૦-૨૦ કે ૨૫-૨૫ દિવસના અન્તરે. દિવસની સન્ધ્યા પથરાઈ પડે અને અન્ધકારના ઓળા ઉતરી પડતાંજ તેઓ ઘરમાં પણ ચંડાસણના ઉપયોગ પૂર્વક નાનકડી જીવાંત પણ હણાઈ જાય નહીં. તેનો ખ્યાલ લઈને ગમનાગમન કરતા.

રાત્રિના સમયે ઘરે ખડકાયેલા દંડલોપના ગાદી - તકીયાનો ત્યાગ કરીને તેઓ સંથારા પર શયન કરતાં. નિદ્રીત અવસ્થામાં પણ પડખું બદલત વખતે સૌ પ્રથમ ચરવળાની દશીથી સંથારાની બાજુએ પૂંજી લેતા. ત્યાર બાદ જ પડખું ફરતા.

ગૃહવાસમાં રહ્યાં રહ્યાં પણ હાંસલ કરેલી તેમની આ અનાસક્તિ હતી ઝળહળતી અને ઝગમગતી.

તેમણે માત્ર ૩૮ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો. જે બ્રહ્મચર્યના વિશિષ્ટ તેજ અને વેધક ઓજસ તેમના ચહેરા પરની પ્રત્યેક રેખાઓમાં છલકાઈ ઉઠતાં.

એટલું જ નહિ, આદરેલા બ્રહ્મચર્યના ભીષ્મવ્રતની સુરક્ષા માટે અને જીવનની ધર્મમયતાના રક્ષણ માટે તેમણે જીવનમાં તપશ્ચર્યાની મજબૂત કિલ્લેબંધી ચણી દીધી.

તેમણે વર્ધમાન તપની ૪૫ ઓળીઓ આચરી જાણી.

તેમણે ૨ વર્ષીતપો કર્યા.

પ્રતિવર્ષ પર્યુષણા પર્વ દરમ્યાન તેઓ કાંતો અટ્ઠાઈ સાથે ૬૪ પ્રહરી પૌષક કરતા-કાંતો ૧-૨-૩ એમ ક્રમિક ઉપવાસો સાથે ૬૪ પ્રહરી પૌષધ કરતાં.

વૈરાગ્યની સરધાર પીરસતા શાસ્ત્રીય વાંચનનો નો તેમને જબ્બર શોખ લાગુ પડ્યો હતો. ઉપમિતિ ભવ પ્રપંચા મહાકથા જેવા ધર્મગ્રંથોના અનુવાદોનો તેમણે પરીશીલન કર્યુ તું.

એકથીય વધુ વાર. એકવાર, પર્વાધિરાજ પર્યુષણાએ દ્વારે ટકોરા પાડ્યા. આ પુન્યાત્માએ પૌષધ સ્વીકાર્યો. તેમને વર્ધમાન તપની ૫૫ મી ઓળી ત્યારે ચાલુ હતી.

ત્યાં જ અંશાતાના વાદળો તૂટી પડ્યા. પેટમાં ચૂંથારો શરૂ થયો. આંતરડાના ભાગે સોજા ભરાયા. ડોક્ટરોએ નિદાન કર્યુ, સારણગાંઠનું તત્કાળ ઓપરેશન કરાવવાની ડોક્ટરોએ તાકીદ કરી – ઓપરેશન થયું પણ ખરુ. સબૂર ! એ પૂન્યાત્માએ વર્ધમાન તપની ૫૫ મી ઓળી તેમ છતાં ચાલુ રાખી. આયંબિલો ન ત્યાગ્યાં તે ન જ ત્યાગ્યાં. ઓપરેશનના દિવસોમાં પણ.

તેમના હૃદયાધિષ્ઠાયક હતા : જૈનશાસનના જ્યોર્તિધારી પુરુષ પૂજ્યપાદ આચાર્ય દેવેશ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના નામે જે જ્યોતિર્ધારી પુરુષ સર્વત્ર સુપ્રસિદ્ધ હતા.

તેજ પરમ તારક ગુરુદેવની શીતળ સંનિધિમાં તે પુન્યાત્મા ગૃહસ્થે અન્તિમ ચાતુર્માસ કર્યુ. માદરે વતન પાટણની ધરાને ત્યારે પૂજ્ય શ્રી અલંકૃત બનાવી રહ્યાં હતા.

ચાતુર્માસની કૂચ પ્રભાવક રીતે પ્રગતિ સાધતિ ગઈ. પર્યુષણના દિવસો તો જોત જોતમાં આવી ઉભા. પર્વાધિરાજના આઠે દિવસો ઉત્તરોઉત્તર વધતાં જતાં ઉત્સાહ સાથે સમેટાયા.

તે મહાનુભાવ એપેડિક્ષના દર્દી. ડોક્ટરોની સખ્ત મનાઈ હોવા છતાં તેમણે ૧-૨ અને ૩ ઉપવાસો (કુલ ૬ ઉપવાસ) કર્યા જ. રોગને તેઓ ગણકારતા નહીં. આથી જ રોગ પણ તેમને પડકારતો નહિ.

પૂજ્ય તાતપાદશ્રીના સાનિધ્યમાં હજ્જારો ભાવિકોએ સંવત્સરી મહાપર્વનું મંગળમય પ્રતિક્રમણ કર્યુ. તેઓ પણ તેમાં જોડાયા .

૬૪ પ્રહરી પૌષધ દરમ્યાન તેમની એ રોજનીશી બની ગઈ. રોજ ૬૧- ૬૧ મહાત્માઓને અપ્રમત્ત પણે વન્દન કરવું. એ રોજનીશીનું અનુસરણ સંવત્સરી પર્વના પૂન્યદિને પણ થયું. સંવત્સરીનું ત્રણ – કલાક લાંબુ પ્રતિક્રમણ પણ તેમણે ઉભા – ઉભા કર્યુ.

શ્રમજનક ક્રિયાઓ સામે ડોક્ટરોનો સ્પષ્ટ નિષેધ હતો. આમ છતા આ આરાધકે પરિશ્રમની પરાકાષ્ઠા આંબીને ધર્મ કરી લીધો. કારણ કે તેને જીવનની કોઈ જિજીવિષા ન હતી.

અફસોસ ! પણ ત્યાં તેમની દેહ ક્રિયાઓએ ગંભીર વળાંક લીધો. સંવત્સરી પ્રતિક્રમણને અંતે શાંતિના કાઉસગ્ગમાં તેમને પેટનો અસહ્ય દુઃખાવો ઉપડ્યો. વેદનાવશ તેઓ બેસી ગયા, અલબત્ત, પીડાની જાણ કોઈનેય કરી નહિ.

પ્રતિક્રમણની સમાપ્તી થઈ. એક તરફ શ્રાવકો પરસ્પર હર્ષભેર ક્ષમાપના કરી રહ્યાં હતા.

બીજી તરફ પેટના દુઃખાવાની તીવ્રતા ઉત્તરોત્તર વધતી જ ચાલી. જેની જાણ થતાં જ શ્રાવકો એકઠા થઈ ગયા. ડોક્ટરો બોલાવવામાં આવ્યાં. ડોક્ટરે ઝાંખી આંખે હાથ જોડીને પોતાની દર્દને દૂર કરવાની અક્ષમતા જાહેર કરી દીધી. કેસ હવે ફેઈલ થઈ ગયો. તેમનું આંતરડુ ફાંટી ગયું હતું. રસી પ્રસરવા માંડી હતી.

તેમનું જીવન હવે અસ્તાચળની ગોદમાં સમેટાઈ જવાની તૈયાર કરવા માંડ્યું. સબૂર ! પણ સંથારા પર પોઢેલા તે પૌષાધસ્થ શ્રેષ્ઠ તેમ છતાં પૂર્ણપણે સ્વસ્થ હતા.

તેમનાજ આગ્રહથી દ્રવ્ય ઉપચારો બંધ કરવામાં આવ્યા. ભાવ ઉપચારો શરુ કરાયા.

પૂજ્ય તાતપાદશ્રી તત્કાળ ત્યાં પધાર્યા. સમાચાર વાયુવેગે ચોમેર પ્રસરી જતાં પાટણનો ચતુર્વિધ સંઘ ત્યાં એકત્રિત થવા માંડ્યો.

''સંઘર્ષ અને અપમાનના વિષમ સંયોગો વચ્ચે પણ સમાધિની જંગી સમતુલાને આત્મસાત્ કરી જાણનારા પૂજ્યપાદશ્રીએ ૨૦ મીનીટ સુધી આ આરાધકના શિરે કરુણા નીતરતો હાથ ફેરવ્યો. સમાધિ પ્રેરક પદ્યોનું મધુપાન કરાવ્યું.''

પૂજ્યશ્રીએ પૂછ્યું : કોઈ ઈચ્છા રહી જાય છે, તમારા સન્તાનો તે પૂરી કરશે.

'' એ આરાધકે ઉત્તર વાળ્યો : નાજી, કોઈ ઈચ્છા રાખી જ નથી. બસ ! મને ભાવાન્તરમાં પણ ઝટ સંયમ મળે, એટલું જ ઈચ્છું છું. પૂજ્યશ્રીજીએ ત્યારબાદ અન્તિમ પચ્ચક્ખાણો કરાવ્યાં. સાગરિક અનશન ઉચ્ચરાવ્યું. નવકારની ધૂન જગાવી.


...અને ૪૦ સાધુ ભગવંતો તેમજ ૪૦૦-૪૦૦ શ્રમણી ભગવંતોની વિશાળ ઉપસ્થિતિમાં, તેમના દ્વારા પીરસાતી સમાધિનું પાન કરતાં જઈને આ આરાધકે દેહ ત્યાગ કર્યો.

...આયુષ્યન ઘી ખૂટી પડતાં તેમણે પરલોકની વાટ પકડી. ..

...હા ! મૃત્યુની અન્તિમ પળે પણ તેમના શ્રીમુખે ઉચ્ચાર હતો : નમો અરિહન્તાણમ્... આથી જ તેમનું મૃત્યુ પણ મંગળમય બની ગયું.

શું માંગલ્યથી ઉભરાતું આવું મોત માગવા જેવું ન ગણાય ?

# સંસારની અસારતા ઉપર નાગદત્તશેઠની વાર્તા




બાર બાર વરસથી નાગદત્ત શેઠ એક ભવ્ય મકાન બંધાવી રહ્યો હતો. કલાકારો સાથે જ્યારે એ વાતચીત કરી રહ્યો હતો. ત્યારે ત્યાંથી એક જ્ઞાની મુનિરાજ પસાર થતાં હતાં. નાગદત્તની વાતચીત સાંભળી મુનિરાજને હસવું આવ્યું. નાગદત્ત વિચારમાં પડી ગયો.

બીજે દિવસે નાગદત્ત જમવા બેઠો છે. નાનું બાળક રડતું હતું તેથી જમતો જાય છે અને બાળકને રમાડતો જાય છે. ત્યાં એના ભાણામાં બાળકની મૂત્રધાર આવી પડી ! બરાબર એ જ સમયે પેલા મુનિવર ત્યાંથી પસાર થતાં આ જોઈને બીજીવાર હસી પડ્યા. નાગદત્તનું આશ્ચર્ય વધી પડ્યું !

નાગદત્ત પોતાની દુકાને બેઠો છે ત્યાં રસ્તેથી પસાર થતાં એક કસાઈનો બકરો દુકાન પર ચઢી ગયો. કેમે કરી બકરો નીચે ઉતરે નહિ.

અહીં ત્રીજીવાર પેલા મુનિ-હસ્યાં ! નાગદત્ત તરત ઉપાશ્રયે જઈને નમ્રતાપૂર્વક મુનિને હસવાના કારણ પૂછ્યાં. મુનિએ જવાબ દીધો.

આજથી સાતમે દિવસે તારું મૃત્યું થવાનું છે ને હજી તું તો મકાનને ભવ્ય બનાવવાના ઉછરંગ સેવી રહ્યો છે. તેથી મને તારી એ મોહદશા પર હસવું આવ્યું.

જેને તું રમાડતાં-રમાડતાં મૂત્ર ભર્યું ભોજન કરી રહ્યો હતો તે બાળક તો તારી પત્નીનો પૂર્વનો પ્રેમી હતો. તેં જ એને મારી નાંખ્યો હતો. તેથી મને બીજી વાર હસવું આવ્યું.

જે બકરાનું કસાઈથી રક્ષણ ન કર્યું એ તારા પિતાજીનો જીવ હતો. બકરાને જાતિસ્મરણ જ્ઞાન થતાં પોતાની દુકાને પોતાનું રક્ષણ મેળવવા આવ્યો હતો. તેં કાઢી મૂક્યો અને પેલા કસાઈએ એનો વધ કરી નાખ્યો.

નાગદત્તને આત્મભાન થયું. સંસાર ત્યાગીને સાતમે દિવસે કાળધર્મ પામતાં દેવલોકમાં સંચર્યા.

# સમાધિ મરણ એજ મોટી સિદ્ધિ

પરમ પૂજ્ય પરમ વાત્સલ્યકારી તપોમૂર્તિ, દીર્ઘસંયમિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા** ના સમુદાયવર્તિ અને પરમ પૂજ્ય દીક્ષાયુગપ્રવર્તક, વિશુધ્ધ દેશનાદક્ષ, ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસુરીશ્વરજી મહારાજના** આજ્ઞાવર્તી અપૂર્વ વૈયાવચ્ચી **પૂ. સા. શ્રી જીતેન્દ્રશ્રીજી મ.સા.**ના વિનેયી શિષ્યા વર્ધમાન તપોનિધિ **પૂ.સા.શ્રી જીતસેનાશ્રીજી મ.સા. વિ.સં. ૨૦૬૪ના ફાગણ વદ-૭ની** સાંજે ૫-૪૩ મિનિટે માંડલ મુકામે નમસ્કાર મહામંત્રનું રટણ-સ્મરણ કરતાં સમાધિપૂર્વક આ નશ્વર દેહ છોડી પરલોકની વાટે ચાલી નીકળ્યાં છે.

જન્મદાતા, સંસ્કારદાતા અને ધર્મદાતા એવી **માતા મથુરીબેન** અને ધર્મનિષ્ઠ **પિતા ગંભીરદાસ વમળશીભાઈ** રાધનપુર નગરે રહેતાં હતાં. આરાધનપુર તરીકેની ખ્યાતિ-પ્રખ્યાતિ પામેલા આ નગરમાં વિચરતાં અનેક મહાપુરુષોની વિશુધ્ધ દેશનાથી અનેક પુણ્યાત્માઓએ સંસારનું ઝેર નીચોવી-નીચોવીને સંયમ ગ્રહણ કરી સ્વ-પરનું શ્રેય સાધનારા બન્યા છે. રાધનપુરમાં આરાધના સુંદર થતી હોવા છતાં ધંધાર્થે મોહમયી નગરીએ વસવાટ કર્યો. પરંતુ ગતભવોની ધર્મારાધના તેમજ ધર્મનગરીમાં મળેલ સુસંસ્કારોના કારણે પુત્રી વસુમતિનો વૈરાગ્ય પ્રજ્વલિત થયો. ભરયુવાન વયે (ઉ.વર્ષ ૨૦) મોહરાજાની મયાજાળને ફગાવી એ જ આરાધનપુરમાં દીક્ષાદાતા પૂ. મુનિરાજ શ્રી સુમિત્રવિજયજી મ.સા. પાસે સંયમ અંગીકાર કર્યું. **પૂ.સા.શ્રી. ગીવાર્ણશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી જીતેન્દ્રશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી જીતસેનાશ્રીજી મ. તરીકે જાહેર થયા.**

ભક્તિ-વૈયાવચ્ચૈકનિષ્ઠ પૂ. ગુરુદેવના કારણે વિનય-ભક્તિ-વૈયાવચ્ચ કરવામાં ખૂબ જ ઉત્સાહિત હતા, બુધ્ધિશાળી હોવાના કારણે તત્ત્વાર્થદિકની પરીક્ષામાં ખુબ જ સારા ગુંણાકથી ઉત્તીર્ણ થતા. સાથે તપને પણ મુખ્ય બનાવ્યો. ૫૪ વર્ષના સંયમ જીવનમાં નાના મોટા ઘણા તપો કર્યા. નાદુરસ્ત તબીયતમાં છઠ્ઠ-અઠ્ઠમ તેમજ વર્ધમાન તપની ૧૦૦ ઓળીઓ મઝેથી પૂર્ણ કરી. એવી જ રીતે પ્રભુભક્તિ પણ ઉત્કૃષ્ટ હતી. લગભગ ૧ થી ૧-૩૦ ક. નિયમિત પ્રભુભક્તિ કરતાં. મધ્યરાત્રિએ ૧॥ થી ૨ કલાક જાપ, દિવસે સ્વાધ્યાય તેમજ શાસન પ્રભાવનાના કાર્યોમાં સદાય સહાયક બનતાં. પોણા બે વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવનું સાનિધ્ય ગુમાવ્યું ત્યારથી રોજની અરિહંતના જાપની ૨૫ નવકારવાળી પ્રાયઃગણતાં, તેમાં શ્રી ગિરિરાજને ભેટવાની તીવ્રઇચ્છાના કારણે વિ.સં. ૨૦૬૩નું ચાતુર્માસ સિધ્ધિક્ષેત્રમાં કર્યું. જય તળેટીની અને દાદાની ભાવ વિહોર બની સુંદર ભક્તિ કરી. મેરૂતેરસની આગલી રાતે મોટી ઘાત થઈ. નસકોરી ફૂટતાં સતત વહેતું લોહી લગભગ બપોરે ૪ વાગે બંધ થયું. છતાં સમતા સમાધિ ખુબ જ અનુમોદનીય હતી. ચાતુર્માસ અમદાવાદ, શાંતિનગર નક્કી થવાથી પાલીતાણાથી વિહાર કરી શંખેશ્વર પધાર્યા. દાદાની ભકિત ૨ થી ૨-૩૦ કલાક લગભગ રોજ કરતાં. શ્વાસની તકલીફ વિશેષ હોવા છતાં પણ અઠ્ઠમ ઉલ્લાસપૂર્વક કર્યો. છેલ્લા પાંચ-સાત દિવસથી તબીયત વધુ નરમ-ગરમ હતી. ખોરાક સંપુર્ણ બંધ થયો હતો. છાતીમાં ભીંસ અસહ્ય હતી. શ્વાસની તકલીફ દિવસ-રાત હતી તેમાં કાંઈક થોડું સારું થતાં શંખેશ્વરથી વિહાર કરી માંડલ પહોંચતા પહેલાં શ્વાસની તકલીફ સાથે બી.પી. પણ વધી ગયું. અસહ્ય વેદનામાં મુખની પ્રસન્નતા, આત્માની જાગૃતિ અને સ્વસ્થતા અપૂર્વ હતી તે અવસરે પોતાની જાતે જ સૌની સાથે ક્ષમાપના કરવા લાગ્યા. પચ્ચક્ખાણ કરી સર્વે વોસરાવી દીધું. દાદા આદિનાથને, દાદા પાર્શ્વનાથને, દાદા સિધ્ધિસૂરીજીને અને રામદાદાને નમસ્કાર કરતાં પૂ.સા.શ્રી નલીનયશાશ્રીજી, પૂ.સા.શ્રી નિયમયશાશ્રીજી તથા અમારા મુખે અરિહંત-અરિહંતનું રટણ-સ્મરણ કરતાં કરતાં પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો.

અમો નિરાધાર બન્યાં, અમારું ચિરછત્ર અમોએ ગુમાવ્યું. સમુદાયને પણ મોટી ખોટ પડી. હે પૂ. ગુરુદેવ, અમારા જીવનનું યોગ-ક્ષેમ કરવામાં તેમજ સમાધિ અને સિધ્ધિપદની પ્રાપ્તિમાં સદાય સહાયક બનજો અને આપશ્રી પણ સમાધિ સદ્‌ગતિ અને સિધ્ધિપદની વહેલામાં વહેલી પ્રાપ્તિ કરો એવી મનોભાવના.

**શંખેશ્વર તીર્થ**
વિ.સં. ૨૦૬૪,
ફા.વ.-૧૦, મંગળવાર

**લિ.ચરણરેણુ**
**સા. શ્રી જયપ્રજ્ઞાશ્રીજી**
**સા. શ્રી રમ્યપ્રજ્ઞાશ્રીજી**

# સમાચાર સાર

પરમપૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. આદિની શુભનિશ્રામાં...

**પાલીતાણામાં ભવ્ય-દીક્ષા મહોત્સવ**

પ. પૂ. મેવાડદેશોદ્ધારક આચાર્ય દેવ શ્રી મદ્‌વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય અને પ.પૂ. સુવિશાલ - ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી પ.પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ.સા. એવં પ.પૂ. આચાર્ય દેવમદ્‌વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં નન્દપ્રભા જૈન ધર્મશાલા, પાલીણામાં ચૈત્રવદ ૧૩ તારીખ ૩-૫-૨૦૦૮ના દિવસે ભારતેન્દ્ર રમેશચંદ્રજી પીંડવાડાવાલોએ દીક્ષા અંગીકાર કરી, એમનું નામ ગણધરરત્નવિજય તથા ગુરુનું નામ - પ.પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ.સા. રાખવામાં આવેલ. વૈશાખ સુદ ૨ તારીખ ૭-૫-૨૦૦૮ ને સ્થાનકવાસી સંપ્રદાયમાંથી સુરતમાં દિક્ષિત મુનિરાજ શ્રી ભૂવરત્નવિજયજીની વડી દીક્ષા થયેલ. અને નામ બદલીને મુનિરાજશ્રી ધાર્મિકરત્નવિજયજી અને મુનિરાજશ્રી ભાવેશ રત્નવિજયજી ના શિષ્ય જાહેર કરાયા. અને આજે જિગર પાટણવાળીની દીક્ષા થયેલ. બાલમુનિનું નામ મુનિરાજશ્રી યોગરત્નવિજયજી મ. ને ગુરૂનું નામ મુનિરાજશ્રી દીપકરત્ન વિજયજી જાહેર થયેલ.

**મુનિરાજશ્રી ગણધરરત્નવિજયજી દીક્ષાની ઉછામણી**

વિદાયતિલક - સંઘવી કિસ્તુરચંદજી હંસાજી પરિવાર
કામલી - સંભવ વાચનાસમિતિ - મુંબઈ
ચોલપટ્ટા - ભૂરમલજી મનાજી પિંડવાડા
ચાદર - વર્ધમાન સંસ્કારધામના શ્રાવક - શ્રાવિકા
કંદોરો - રમેશચંદજી જવાનમલજી પિંડવાડા
પાંગરણી - મગનલાલ ભામચંદજી, પિંડવાડા
દાંડો - કપૂરચંદજી હીરાચંદજી, પેસુઆ
દંડાસણા - છોટાલાલ પૂનમચંદજી, પિંડવાડા
આસન - રમેશચંદ્રજી ચુનીલાલજી, પિંડવાડા
કામલીની ચાદર - પ્રતાપચંદજી મગનલાલજી, પિંડવાડા
સંથરા - શિવલાલજી જવેરચંદજી, પિંડવાડા
ઉત્તરપટ્ટા - સંભવ વાચના સમિતિ - મુંબઈ
સૂપડી - સંઘવી કિસ્તુરચંદજી, હંસાજી પરિવાર પિંડવાડા
પોથી - સંઘવી કિસ્તુરચંદજી હંસાજી પરિવાર, પિંડવાડા
પાત્રા - સંભવવાચના સમિતિ, મુંબઈ
ચેતનો - વર્ધમાન સંસ્કૃતિધામ
નામ જાહેર કરવાના - શિવલાલજી જવેરચંદજી પિંડવાડા
ગુરુ પૂજન - કપૂરચંદજી હીરાચંદજી, પેસુઆ
ગુરુને કામલી વહોરવવાના - કપૂરચંદજી હીરચંદ જી, પેસુઆ

પ.પૂ. આચાર્ય દેવશ્રીમદ્‌વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં ધનેશભાઈ (ભેરૂતારક ધામતીર્થ) વાલજીના પરિવારમાં થયેલ. વર્ષીતપનું પારણું હસ્તગિરિજી તીર્થમાં થયેલ. માંગલિક વિગેરે થયેલ.

## પૂછશો તો પામશો

પોતાના પુત્ર રાજીવ માટે એક મહાન નૈયાયિકે 'ન્યાય મુક્તાવલી' નામના ગ્રન્થની રચના કરી. અને પુત્રને એ ગ્રન્થ ભણાવ્યો. પછી પિતાએ પૂછ્યું : 'કેમ વત્સ ! કાંઇ પૂછવા જેવું લાગે છે ?

'ના ..... કાંઇ પૂછવા જેવું નથી લાગતું. બધું સમજાઇ ગયું છે.'

પુત્રના આ જવાબથી પિતાએ કપાળ કૂટ્યું : અલ્યા ડફોળ ! તને કાંઇ પૂછવા જેવું નથી લાગ્યું ? બધુ સમજાઇ ગયું ? ભાણ ભાણ હજુ બીજી વાર ભણ.'

બીજીવાર ભણાવ્યાં પછી પૂછ્યું ત્યારે રાજીવે કહ્યું : 'હા હવે મને ક્યાંય ક્યાંક પૂછવા જેવું લાગે છે ખરું .

'બસ.... હવે તારું કાંઇક ભણવાનું શરૂ થયું ખરું' પિતાએ તેને ત્રીજી વાર ભણાવ્યો. અને પૂછ્યું ત્યારે તેણે કહ્યું : 'હવે તો મને ડગલે-પગલે પૂછવા જેવું લાગે છે.'

'શાબાશ ! શાબાશ ! હવે જ તું સાચા અર્થમાં વિદ્યાર્થી બની શક્યો છે. આજે મને સંતોષ થયો .

*પોતાના અજ્ઞાનનું ભાન થવું એ જ્ઞાન પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથીયું છે. જે પોતાને જ્ઞાની જ માને, પૂર્ણ જ માને એના માટે જ્ઞાની થવાનો કોઇ જ ઉપાય નથી. જ્ઞાન પ્રાપ્તિનું એક જ દ્વાર છે જિજ્ઞાસા : જિજ્ઞાસાથી તમે પૂછતા જ જાવ. પૂછતા જ જાવ. જેમ વધુ પૂછશો તેમ વધુ પામશો. નહિ પૂછીને તમે કદાચ તમારા અહંકારને અકબંધ રાખી શકશો, પણ જ્ઞાન પ્રાપ્ત નહિ કરી શકો. પૂછનારો તો એક જ વાર અજ્ઞાની ઠરે, પણ નહિ પૂછનારો તો જીવનભર અજ્ઞાની રહેશે. વાતે-વાતે બાળકની જેમ ભગવાને પ્રશ્ન પૂછનાર ગૌતમ સ્વામીને આપણે કેમ ભૂલીએ ?

- મુનિ શ્રી મુનિચન્દ્ર વિજયજી મ. (આવો મિત્રો વાતા કહું)




ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

# પરિમલ

- પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

★ દુઃખ સારું લાગે અને સુખ ભૂંડુ જ લાગે તે ધર્મ પામવા લાયક છે. દુઃખને મજેથી વેઠે અને સુખમાં ઉદ્વેગ જન્મે તે જ ધર્માત્મા છે. તે મોહને મારી મોક્ષે જવાનો છે.

★ મન જેનું સારું હોય તે શરીરના દુઃખને ગણતો જ ન હોય. મનનો નબળો શરીરના દુઃખમાં જરા જરામાં ગભરાઈ જાય, મૂંઝવણ થાય. જે જીવ શરીરને આધીન થાય તેનું મન ઢીલું થાય.

★ આજે આપણને જેટલો જીવવાનો, સંસારના સુખનો લોભ છે તેટલો આત્મકલ્યાણનો લોભ થાય તો કામ થાય.

★ રોજ આ વિચાર આવે કે - ''આ સંસાર-સુખ બહુ ભૂંડુ છે, બહુ ભટક્યો નરકાદિમાં અનેક વાર જઈ આવ્યો. ઘણાં ઘણાં કષ્ટો વેઠ્યાં. માંડ માંડ આવી તારક સામગ્રીવાળો આ મનુષ્ય જન્મ મળ્યો. અહીં આ સંસાર દુઃખમય સમજાશે નહિ અને પાપ ચાલુ રાખીશું તો પાછું નરકાદિ દુર્ગતિમાં જવું પડશે. ત્યાં શું થશે '' - તમે યાદ આવે છે ?

★ અમે પણ આ બધુ (શાસ્ત્ર) વાંચીએ - વંચાવીએ, સમજાવીએ પણ જો અમારી જાતને સુધારવા પ્રયત્ન ન કરીએ તો અમારું ય કલ્યાણ ન થાય.

★ જેને વારંવાર મોક્ષ જ યાદ આવે તે શ્રદ્ધાલું છે. જે શ્રદ્ધાલું માણસ છે તે દુઃખમાં મજા કરે છે અને સુખમાં ઉદ્વિગ્ન બને છે.

★ સ્વર્ગ પણ કોને મળે ? જે ખાવા-પીવાદિમાં સ્વાદ ન કરે તેને, લાખોનું દાન કીર્તિમાટે ન વેચી દે તેને. જે કીર્તિમાં મૂંઝાય, માન-પાનના મેળવડામાં મૂંઝાય તે સ્વર્ગમાં ન જાય !

★ તમે સાધુને હાથ જોડો તે તમારું કલ્યાણ ! અમારા હાથ જોડાવાથી ' હું ખુશ થાઉં ' તો 'મારું અકલ્યાણ' થાય !

★ આપણને મોક્ષ યાદ આવે છે ? મોક્ષ યાદ ન હોય તે સાધુ પણ નથી તો જૈન તો ક્યાંથી હોય !

★ ધર્મ પામવામાં અંતરાય કરનાર, પામ્યા પછી ખરાબ કરનાર, ઊંચે ચઢેલાને નીચે પાડનાર આ બે અર્થ-કામ જ છે. અર્થ-કામ ભૂંડા ન લાગે તે ખરાબ ક્યારે ન થાય તે કહેવાય નહિ. જેને તે અર્થ-કામ ભૂંડા ન લાગે તેને મોક્ષની સાચી ઈચ્છા થવાની જ નથી. જેટલા અર્થ-કામના ભુખ્યા તે બધા મરજી મુજબ જીવનારા, તેને માથે કોઈ ધણી ધોરી નહિ એટલે મનફાવે તેમ કરે.

★ કોઈપણ ઉપાધિ વિનાનું સુખ જ્યાં છે તેનું નામ જ છે મોક્ષ !

★ ધર્મીને કર્મ યોગે સુખ ભોગવવું પડે તેની ચિંતા નથી. પણ તેના પર રાગ ન થાય તેની ચિંતા છે

★ સુખ ભોગવવામાં રાગ ન થાય, દુઃખ ભોગવવામાં દુઃખ પર દ્વેષ ન થાય તેનું જીવન સુંદર કહેવાય !

★ ધન અને સુખ જોઈએ છે તેમાં જેવી 'હા' પાડો છો તેવી મોક્ષ જ જોઈએ તેમાં 'હા' પાડો ખરા ?

★ પોતાના વિશુદ્ધ આત્મ સ્વરૂપમાં રમવું તેના જેવી જગતમાં બીજી ઉત્તમતા એક નથી. જીવવાનું સદા અને જીવવા માટે એક ચીજની જરૂર નહિ. બધી ઉપાધિનુ મૂળ શરીર છે. તે જ્યાં ન હોય તો મોક્ષમાં જઈને કરવાનું શું તે પ્રશ્ન ઊઠે નહિ.

★ સુખનો ભુખ્યો સાધુ થાય તો ય નકામો !

જૈન શાસન અઠવાડિક : માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેક્ષી ક્રીએશનમાંથી છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
23/06/08

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

शासन अने सिध्दान्त
रक्षा तथा प्रचारनुं पत्र

## અઠવાડિક

| વર્ષ | અંક |
| --- | --- |
| ૨૦ | ૧૫ |

जिणवयणअंजणेणं,
मच्छरतिमिराइं किं न अवणेसि ?।
अज्ञ वि जम्मि वि तम्मि वि,
मच्छरतिमिरंधलो भमिसि ? ॥

જિનેશ્વરના વચનરૂપી અંજન વડે
તું મત્સર (ઈર્ષ્યા) રૂપી તિમિર
(નેત્રપડલ) ને કેમ દૂર કરતો નથી ?
કે જેથી હજુ પણ મત્સરરૂપી
તિમિર વડે અંધ થઈને જ્યાં ત્યાં
(આડો અવળો-સર્વ ગતિમાં)
ભમ્યા કરે છે ? ॥


શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

શ્રી જૈન શાસન (અઠવાડિક) ✧ વર્ષ : ૨૦ ✧ અંક - ૧૫ ✧ તા. ૧૬-૧-૨૦૦૮

# કર્મની કરુણ કહાની

લેખક - મુનિશ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'
ચિત્ર - ભાસ્કર સાગર, પૂણે

(હપ્તો - ૧૫)



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડિક)

લવાજમ
વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧,૦૦૦
વાર્ષિક પરદેશમાં રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

તંત્રીઓ
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૨૦ ★ સંવત ૨૦૬૪, જેઠ સુદ -૧૪ મંગળવાર, તા. ૧૭-૬-૨૦૦૮ ★ અંક : ૧૫

## પ્રવચન

## ૯૫મું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૪, પોષ વદિ-૨ , બુધવાર, તા. ૬-૧-૧૯૮૮,
શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ-૪.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

*(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ૦)*

आहार निमित्तेणं मच्छा गच्छंति सत्तमिं पुढविं ।
सचित्तो आहारो न खमो मणसा वि पत्थेउं ।।

અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમ મર્મને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ સહસ્રાવધાની આચાર્ય ભગવંત શ્રી મુનિ સુંદર સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે શ્રી અરિહંત પરમાત્માઓએ જે ધર્મશાસનની સ્થાપના કરી છે તે એટલા માટે કે તેનું આલંબન લઈને યોગ્ય આત્મા વહેલામાં વહેલા આ દુઃખમય સંસારથી છૂટે અને અનંત સુખમય મોક્ષને પામે. આ વાત કોને ગમે ? જેના કર્મ હલુ થયા હોય તેને. ભગવાન જેવા ભગવાનનું શાસન પણ ગમે કે ન ? અભવ્યોને ગમે નહિ, દુર્ભવ્યોને ગમે નહિ, દુર્લભબોધિ જીવોને ય ગમે નહિ અને ભારે કર્મી ભવ્યોને ગમે નહિ. લઘુકર્મી ભવ્ય આત્માને ગમે.

જેને ધર્મ કરવો જ ગમતો નથી તે ભવ્ય હોય તો પણ ભારેકર્મી જીવ છે. જૈન સંઘમાં વર્તમાનમાં એવા ઘણા જીવો છે જેમને પાસે મંદિર હોય તો ય દર્શન કરવાનું ય મન ન થાય, તારક ધર્મક્રિયાઓ પણ ગમે નહિ. સંસારની ક્રિયાઓમાં જ મજા આવે અને મગ્ન હોય. આર્ય દેશ, આર્ય જાતિ, આર્ય કુળમાં તેમાં ય જૈન જાતિ - જૈનકુલમાં જન્મેલા ય ઘણા આવા જીવો પાક્યા છે. તો સમજી લેવું કે તેમાં તે જીવનો દોષ નથી પણ તેમના કર્મ જ ભારે છે. આપણને ખબર પડી કે, કર્મના પ્રતાપે જ રખડ્યા તો 'હવે મારે રખડવું નથી' તેવો ભાવ પેદા થયો છે ? 'જન્મ-મરણની જંજાળ પસંદ નથી, જીવવા માટે પાપ કરવા ય પસંદ નથી, મારે આ સંસાર જોઈતો જ નથી, જેમ બને તેમ વહેલા જ મોક્ષે જવું છે' - આવી ભાવના જન્મે નહિ તેના ધર્મમાં મજા આવે નહિ. રખડતાને પેઢી પર બેસાડો તો પેઢી ઉઠાડે ને? તેમ મોક્ષની જેને ઈચ્છા નહિ તેનો ધર્મ વસ્તુતઃ ધર્મ જ નથી. ઘણા તો પાપને ઢાંકવા માટે ય અને સારા દેખાવા માટે ય ધર્મ કરે. સારા દેખાઈને બીજાને સારી રીતના ઠગી શકાય તેવી વૃત્તિવાળા ઘણા. આપણો નંબર તેમા નથી ને ?

આપણને શ્રી અરિહંત પરમાત્મા ગમી ગયા છે? શાસન ગમી ગયું છે? આ શાસનને શક્તિ મુજબ સારી રીતના આરાધવું છે તેમ મનમાં થયું છે? આ સંસારમાં પાપના યોગે રહેવું પડ્યું છે પણ રહેવા જેવું નથી - તેમ હૈયામાં લખાઈ ગયું છે? આ સંસારની સારી ચીજની-સુખ સામગ્રીની ઈચ્છા કરવા જેવી નથી, તે માટે મહેનત કરવા જેવી નથી, તેમ મરવા

જેવો નથી, ભોગવવા જેવી નથી, જાય તો રોવા જેવું નથી, તેને મૂકીને જવાનો વખત આવે તો ય દુઃખી થવા જેવું નથી - આ ભાવ પેદા ન થાય તો ધર્મમાં જેવી મજા આવવી જોઈએ તેવી આવે નહિ.

તેથી જ આજે સામયિક લેનારો, સામયિક લે ત્યારથી ઘડિયાલ જોયા કરે, વાંચવા માંડે તો ઊંઘ આવે, નવકારવાળી પડી જાય, સામયિકનો ટાઈમ પૂરો કરવો ભારે પડે. પડિક્કમણું કરનારની હાલત તેના કરતાં જુદી છે. ઘણા તો ઊંઘમાં પૂરું કરે, શું ચાલે તેની ખબર જ ન હોય. ધર્મમાં રસ ક્યારે આવે? સંસારમાં ય રખડતા માણસને ઘર-પેઢીના કામમાં રસ નથી હોતો, રખડતાને ઘર-પેઢી ય નથી સોંપતા તો જેને મોક્ષની ઈચ્છા પેદા નથી થઈ, સંસારનો ભય નથી લાગ્યો તેવા જીવો પહેલા તો ધર્મ કરે જ નહિ, ધર્મમાં મજા ય આવે નહિ, ધર્મ કરે તો જેમ તેમ વેઠની જેમ કરે, સંસારની સુખસામગ્રી માટે કરે-તેથી તેમનો ધર્મ એ ધર્મરૂપ બને નહિ.

આપણને સંસારનો ભય લાગ્યો છે? 'સંસારના સુખમાં જ જેને મજા આવે, તે જ સારા લાગે, મેળવવા-ભોગવવા જેવા લાગે, તે બધાને માટે દુર્ગતિ જ છે' તેમ જ્ઞાની કહે છે તે આપણને બેસે છે? ઘણા કહે અમારા પુણ્યથી મળતું સુખ અમે ભોગવીએ, મજા કરીએ તેમાં તમારા બાપનું શું જાય છે? સાધુ માટે ય બોલનારા છે કે-ધંધાદિ નથી આવડતા એટલે બધાને ભિખારી બનાવવા છે! સાધુ બનાવવાની ઈચ્છા એટલે ભિખારી બનાવવાની ઈચ્છા આવું જૈનકુળમાં જન્મેલા બોલે છે. દેવ ગુરુ-ધર્મને હંબગ માને છે. ખાવ-પીઓ અને મોજ મજા કરો. ગમે તે રીતે આ શરીર સાચવવું છે. મનગમતી વિષયભોગની સામગ્રી મેળવવી છે અને તેમાં જ મજા કરવી છે, તે માટે પાપ કરવા પડે તો પાપ પણ કરવા છે - આવા બધાની ગતિ કઈ થાય? માટે જ જ્ઞાની કહે છે કે, આહારના કારણે મત્સ્યો સાતમી નરક સુધી જાય છે. મનુષ્યો પણ સાતમીમાં જાય છે. માટે સચિત્ત આહારની મનથી પણ પ્રાર્થના - ઈચ્છા કરવી જોઈએ નહિ. તંદુલિયો મત્સ્ય વગર ખાધે - પીધે - ભોગવે સાતમી નરકમાં જાય છે. તો મજેથી માંસાહાર કરનારની કઈ ગતિ થાય?

ભગવાનના શ્રી સંઘની માન્યતા જુદી હોય છે. તે પાપને પાપ જ માને છે. પાપથી બચવાની મહેનતમાં હોય છે. શ્રી સંઘને આ સંસાર તો ગમે જ નહિ. સારામાં સારો સુખમય મળે તો પણ ન જ ગમે. ભગવાનની આજ્ઞા પ્રમાણે ધર્મ કરનારને સારામાં સારો સુખમય સંસાર મળે. એક કરતાં એક ચઢિયાતા ભવ મળે. શ્રી શાંતિનાથ ભગવાનના ભવ વાંચો તો સમજ્યા પછી બધા ભવ એક કરતાં એક ચઢિયાતા. સારામાં સારી સુખની સામગ્રીવાળા છતાં પણ તેમાં ફસાયા નહિ મૂંઝાયા નહિ અને કામ સાધી ગયા.

આ શરીરની મમતા ઉતરે તે જ સાચો તપ ધર્મ કરી શકે. ખાવું અને સ્વાદ ન કરવો તે સહેલું કામ છે? સાધુને પણ ઉત્સર્ગ માર્ગે છ યે વિગઈ અને વનસ્પતિ માત્ર ત્યાજ્ય છે. વિગઈ, શરીરનું કારણ આવી પડે તો જ લેવાની છે. કેવી ભિક્ષા લાવતા હશે મહાત્માઓ! ખાવ - પીવાદિમાં પણ મજા આવે તો તે ય સંસાર છે કે બીજું કાંઈ? ખાવાનું શા માટે? શરીર સારું રાખવા કે ધર્મ કરવા? ધર્મ સારી રીતે થઈ શકે માટે શરીરને સાચવવાનું છે બાકી શરીરને કષ્ટ પડે તે રીતના કામ લેવાનું છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં ય સાધુપણાનું જે વર્ણન કર્યું છે તે ઘણા સાધુઓને પણ યાદ નથી. ધર્મ જે નથી કરતા તે તો આઘા છે પણ જે રોજ ધર્મ કરે છે તે તો નજીક છે ને?

તમે વેપારાદિ કેવી રીતે કરો અને ધર્મ કેવી રીતે કરો? ઘર-પેઢી કેવી રીતે સાચવો અને મંદિર-ઉપાશ્રય કેવી રીતે સાચવો? દુકાનની ગાદી ઉપર ધૂળવાળા પગથી બેસો? મંદિર-ઉપાશ્રયે ધૂળ વાળા પગે જાવ ને? ધર્માત્મા મંદિર - ઉપાશ્રયે આવે તે પ્રેમથી આવે અને ત્યાંથી ઘરે જવું પડે તો ગમે નહિ, દુઃખ થાય. મંદિર ઉપાશ્રયમાં તમારે 'નિસિહી' કહીને પેસવાનું પણ 'આવસ્સહી' કહીને નીકળવાનું નહિ. ઘરે જાવ તે આવશ્યક કામ છે? ઘર તો છોડવા જેવું છે. ઘરે જવા જેવું હોય? આમાં અમે ગાંડા તો નથી લાગતા ને? આ વાત ઘણાને ગમતી નથી. આવી તે વાત હોતી હશે! ધર્મીને ઘર ન જ ગમે તેમ પૂછે છે. ધર્મીને ઘરે જવું પડે તો પાપનો ઉદય છે. મંદિર-ઉપાશ્રયે આવેલાને ઘરે કોને જવું પડે?

(ક્રમશઃ)

# શાસ્ત્ર સિદ્ધાંત નિષ્ઠ શાસનસેનાની સૂરિદેવ !

સંકલનકાર - પૂ. મુ. પ્રશાન્ત દર્શન વિ. મ.

*(વર્ષો પછી થતી વિરલ વિભૂતિ એટલે પરમતારક પરમ ગુરૂદેવશ્રીજી ! જેમના જીવનની સત્ય સિદ્ધાંત રક્ષાના પ્રસંગોની ઝાંખીનો અત્રે એક પ્રયત્ન કરાયો છે. તેમાં પૂરક માહિતી માટે 'જૈન પ્રવચન', 'વીર શાસન', 'જિનવાણી', આદિનો ઉપયોગ કરાયો છે. અન્ય પ્રસંગો ખુદ પૂજ્યશ્રીજીના શ્રી મુખેથી તથા સુવિહિત પૂજ્યોના જેમ કે સ્વ. પૂ. આ. શ્રી વિ. કનકચન્દ્ર સૂ. મ. આદિના પાસેથી જાણેલા છે. અને વિષયને અનુરૂપ પરિશિષ્ટ રૂપે મૂકેલા છે. આ સર્વે સાહિત્યનું પ્રદાન કરનારનો ખૂબજ ઋણી-આભારી છું. તથા પ્રસંગાદિ માહિતીમાં કાંઈજ ખ્યાલ ફેર આદિથી લખાયું હોય તો જાણકારો ધ્યાન પહોંચે તેવી નમ્ર વિનંતી છે. ભૂલ હોય તો દિલગીરી વ્યક્ત કરું છું.*

*વાંચી-વિચારી સૌ સત્ય સિદ્ધાંતના ખપી બની, શાસનની સાચી સેવા-ભક્તિ-આરાધના કરનારા બનો તે જ એક હાર્દિક શુભેચ્છા -સંક.)*

**તેમાં મુખ્ય મુ. શ્રી કાંતિવિજયજી દીક્ષા અને લીલાવતી કેસ, મુ. તિલક વિજયજીની દીક્ષા અને** રતનબાઈનો કેસ ખૂબજ ચર્ચાને ચગડોળે ચઢેલા અને પ્રસિદ્ધ છે. અંતે તો વિજય સત્યનો જ થયો હતો. રતનબાઈ કેસના સંબંધમાં જેમની જુબાની ખૂબ જ વિશ્વાસપાત્ર ગણવામાં આવી હતી, તે અમદાવાદની સ્મોલ કોઝ કોર્ટના જજ રા. સુરચંદ પી. બદામીએ જુબાનીમાં પુજયશ્રીજી માટે જણાવેલ કે-

"હું રામવિજયજીને ઓળખું છું. તેઓ જૈન ધર્મના સાધુ છે હું તેમને ગુરૂ તરીકે માનું છું. રામવિજયજીનો ઉપદેશ મેં સાંભળ્યો છે. તેમના આચાર-વિચાર જૈનધર્મને તદ્દન અનુસરતા છે. આ બંન્ને (પૂ. રામવિજયજી અને તેઓ શ્રીમદ્‌ના ગુરૂ સિદ્ધાંત મહોદધિ શ્રી પ્રેમ વિજયજી મહોપાધ્યાય) સાધુઓના ચારિત્ર વિષે મને ઊંચો અભિપ્રાયઃ છે. અને તેઓ બંન્ને ઊંચી કોટીના સાધુ છે. જયારે મેં રામવિજયજીને પાનસરમાં પહેલી જ વાર સાંભળ્યા ત્યારે મને લાગ્યું કે - એ પ્રોડીજી (**Proodigy** - અસાધારણ) થશે અને તેમના ગુરૂ આત્મારામજીનું (પૂ. આત્મારામજી મ.ના સંઘાડાના હોવાથી આ રીતે ઓળખાવેલ છે.) નામ રાખશે અને પછીના અનુભવથી મારે તે અભિપ્રાય હજુ બદલાયો નથી"

● ૧૯૯૦ ના સંમેલનમાં પૂજ્યશ્રીજીની શાસ્ત્રનિષ્ઠા અને સિદ્ધાંત રક્ષાની ખુમારીનો સૌને સારો અનુભવ થયો છે.

● ૧૯૯૨ના તિથિપ્રશ્ને મૂળ શાસ્ત્રીય માર્ગે આવવાનો નિર્ણય કર્યો.

● **તિથિચર્ચામાં લવાદી નિર્ણય - લવાદ શ્રી પી. એલ. વૈદ્યનો સ્પષ્ટ નિર્ણય શાસ્ત્રીય સત્ય સિદ્ધાંતના માર્ગનો-પક્ષનો આવ્યો છે અને તેના પુરસ્કર્તા પૂજ્યશ્રીજી હતા તે સુવિદિત છે. જેના પ્રતાપે આજે આરાધનાનો સાચો માર્ગ** જવલંત ઝળહળી રહ્યો છે.

● અર્થ-કામની દેશનાનો નશો પાઈ મોહમૂઢ જીવોને ઉન્માર્ગે લઈ જનારા વેષ ધારીઓથી રૂંધાતા મોક્ષ માર્ગની નિર્ભય પણે પ્રરૂપણા કરી સન્માર્ગને જીવતો રાખવાનું પુણ્યશ્રેય પણ પૂજ્યશ્રીજીના શિરે છે તેમાં ય વિવાદ જ નથી.

● પાલીતાણાથી કાનજી સ્વામીને રાતોરાત ભાગવું પડ્યું અને સોનગઢમાં ગયા અને ચર્ચા માટે સોનગઢ ક્ષેત્ર અનુકૂળ હોય તો ત્યાં જવા માટે તૈયારી હોવા છતાં, માલીક પત્ર લેવાની ના પાડે છે તેવી સહી સાથે રજીસ્ટર્ડ એ. ડી. પત્ર પાછો આવ્યો.

● શ્રી જિનમંદિરમાં હરિજન પ્રવેશ અંગે લોકસભામાં જે ઠરાવ આવવાનો હતો તેનો પણ સખત વિરોધ કર્યો અને શ્રી કસ્તુરભાઈ કલકત્તામાં બીરાજમાન પૂજ્યશ્રી પાસે સમજાવવા ગયેલા તો કહેલ કે- ''અનેક આચાર્યો સંમત હોય તો ય એક આચાર્યનો વિરોધ હોય તો તે વિરોધને સાંભળવો જોઈએ અને વિચાર કરવો જોઈએ''

મુંબઈ સમાચાર દૈનિકના તંત્રીની વિનંતિથી જૈન શાસનમાં ગોત્ર કર્મના ઊંચ અને નીચ ગોત્ર એમ જે બે ભેદ બતાવ્યા છે તેની સરળ-સ્પષ્ટ સમજૂતી આપતાં ચાર લેખો પણ લખેલા.

સં. ૨૦૧૪નું સંમેલન સુ. કેશવલાલ લલ્લુભાઈએ ગોઠવેલ. **'બાર પર્વતિથિઓનો શાસ્ત્રાધારે નિર્ણય કરવા આ સંમેલન છે'** તેમ તેમણે જાહેર કર્યું હોવાથી પૂ. શ્રીને દિલ્હી-હસ્તિનાપુર જવું હોવા છતાં અમદાવાદ પધારેલ.

બાર પર્વતિથિની વાત કરવા આ. શ્રી નંદનસૂરિજી એ પૂજ્યશ્રીને સુ. બકુભાઈના બંગલે બોલાવેલ અને પૂજ્યશ્રી ગયેલા અને જ્યાં વિચારણા કરવાની હતી તે રૂમમાં ગયા તો તે વખતે અન્ય આચાર્ય ત્યાં હાજર હતા. ત્યારે પૂ. ગુરૂદેવશ્રીએ કહેલ કે '' આપણે બંન્નેએ એકલા બેસી દિલખોલીને વાત કરવી છે, તેવી ઈચ્છા તમોએ વ્યક્ત કરી છે માટે હું આવ્યો છું.''

આ. વિ. નંદનસૂરિજી મ. - ''આ તો બેસશે જ''

પૂજ્યશ્રી - ''તો મારે વાત કરવી નથી.''

કારણ આ આચાર્ય બોલતા બોલતા આવેલા કે - 'હું તો સંમેલન તોડવા જ જાઉં છું ! અને તે સંમેલનમાં તિથિનો પ્રશ્ન પણ ન વિચારાયો. તેથી સુ. શ્રી કેશવલાલ લલ્લુભાઈએ કહ્યું કે - **''હું જાહેર કરીશ કે - સામા પક્ષે બાર પર્વતિથિનો વિચાર ન કર્યો તેથી સંમેલન તૂટી ગયું છે''** તે અવસરે સુ. શ્રી કસ્તુરભાઈ વિદેશથી આવેલા તેમણે સુ. શ્રી કેશુભાઈને કહ્યું કે - ''આ જો બહાર પાડશો તો તમારું એક હાડકું આખું નહિ રહે. લોકોની ગાળો ખાવી પડશે. આ પક્ષવાળા તો ગાળો દેશે, તે પક્ષ વાળા ય ગાળો દેશે. તેમે જીવી નહિ શકો. તેથી તેમણે જાહેર કર્યું કે- **''ભવિતવ્યતાના યોગે શ્રમણ સંમેલન નિષ્ફળ ગયું.''**

તે પછી પૂ. શ્રી એ સુ. શ્રી કેશુભાઈને કહેલ કે '' તમારા જેવા શ્રાવક પર હવે અમે વિશ્વાસ રાખી શકીએ નહિ.'' તેઓ - ''મને માફ કરો. જે બન્યું તે બન્યું'' પૂ. શ્રી - '' મને તમારા પર ગુસ્સો નથી. પરન્તુ તમારા ઉપર વિશ્વાસ રાખ્યો તેનું પરિણામ આવું આવ્યું અને નિર્ણય ન થયો.''

*તિથિ અંગે એક વિશેષ પ્રસંગ જોઈએ.*

એક વાર પૂ. શ્રી પ્રસંગવશ સુ. શ્રી કસ્તુરભાઈને ત્યાં ગયેલા. ત્યારે તેઓ શ્રી એ પૂ. શ્રીજીને કહ્યું - **'' હું જાહેર કરું કે તિથિ પ્રશ્ને લવાદી ચર્ચામાં આપનો પક્ષ સાચો છે તેવો નિર્ણય આવી ગયો છે. તમે સાચા પણ છો છતાં પણ શ્રી સંઘની એકતા ખાતર આ મૂકી દો.''**

પૂજ્યશ્રી - **''સત્યને દરિયામાં નાંખવાનું મારાથી નહિ બને.''**

તેઓએ પૂ. શ્રીને કહ્યું - ''લંડનના એક પ્રધાને પોતાના લેક્ચરમાં કહ્યું છે કે - **સમાધાન અને એકતા ખાતર સત્ય પણ મૂકાય.**

પૂજ્યશ્રી - ''તે અમારા નાયક નથી.''

શ્રી કસ્તુરભાઈ - '' મહાત્મા ગાંધી પણ કહે છે કે શાંતિ ખાતર સત્ય છોડાય.''

પૂજ્યશ્રી - '' તમારી વાત ખોટી છે, મહાત્મા ગાંધી પણ લખી ગયા છે કે **'શાંતિ સળગે તો પણ સત્ય ન છોડાય.' સત્યને છોડીને સમાધાન કદી પણ થાય નહિ.''** અને ગાંધીજી ય અમારા ગુરુ નથી.

વિ.સં. ૨૦૨૦માં કરેલ આપવાદિક પટ્ટક પર દૃષ્ટિપાત- વિ.સં. ૧૯૯૨માં સિદ્ધાંત મહોદધિ પૂ. આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાની હૈયાપૂર્વકની સંમતિથી, તત્કાલીન બધાજ પૂ. આચાર્યાદિના સહયોગ -સંમતિથી શાસ્ત્રમાન્ય તિથિ આરાધનાના પ્રશ્ને આપણા પક્ષે મૂળ માર્ગ આરાધવાનો નિર્ણય કર્યો. વિ.સં. ૧૯૯૦માં લવાદી ચર્ચામાં પણ સત્ય આપણા પક્ષની તરફેણમાં જાહેર થયું અને કર્મસાહિત્ય નિષ્ણાત પૂ. આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ ખુશી પણ વ્યક્ત કરેલ.

(ક્રમશઃ)

# શાસનનો મર્મ

પૂ. આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ.

✣ પુણ્યથી મળેલી વસ્તુ પર જેટલો આદર – ગૌરવ ભાવ છે, તેટલો તારક વસ્તુ પર નથી. તમારો રૂમાલ સારો કે મુહપત્તી સારી ? રૂમાલ રોજ ધોવો અને મુહપત્તી કેવી ?

✣ આ સંસારથી મુક્ત થવા આ એક જ જન્મ છે તો આપણે આ સંસારથી મુક્ત થવું છે કે સંસારમાં સેટ થવું છે ?

✣ મોક્ષસાધક મનુષ્યપણું મળ્યું તેનો આનંદ છે કે મનુષ્યપણામાં સુખ નથી મલ્યું તેનું દુઃખ છે ? આ જનમ ચારિત્ર લેવા કે સુખી થવા ?

✣ પૂજા જૈન છો માટે કરો કે સાધુ થવું માટે કરો ? તિથિએ પૌષધ પણ કરો તે સાધુ થવા માટે કે રિવાજ મુજબ ?

✣ માણસ કોનું નામ ? પુણ્યથી મળેલ વસ્તુને તુચ્છ ગણે તે. પુણ્યથી મળેલ વસ્તુ છોડવા જેવી માને તે સમકિતી ! પુણ્યથી મળેલ વસ્તુ લેવી પણ નથી તેનું નામ સાધુ છે !

✣ ઓપરેશન વખતે લોહી વધારે જાય તે સારું કે ઓછું જાય તે ? તેમ ધર્મ કરતી વખતે નિર્જરા વધારે થાય તે સારું કે પુણ્ય વધારે બંધાય તે સારું ?

✣ પુણ્યયોગે વસ્તુ મલી છે તે ભોગવવાનો સમય નથી પણ ભોગવવાની ઈચ્છા ચિક્કાર છે તેથી આપણે માર ખાધો છે. હજી નજર પુણ્ય તરફ છે, નિર્જરાનું મન નથી

✣ તમારે ત્યાં જે જોઈએ તે દાનમાં આપનારો આવે તે વધારે ગમે કે સાધુ મહાત્મા આવે તે ?

✣ જ્ઞાનીઓને કોઈ પણ રીતે પુણ્ય ઉપરથી આપણી નજર ખસેડવી છે. તે નજર જો ખસી જાય તો ઠેકાણું પડી જાય. આનંદ શેમાં છે ? પુણ્ય પર, પુણ્યના સાધન પર જ ને ? ચરવળો નવો આવે તો આનંદ કે સ્કૂટર નવું આવે તો આનંદ ?

✣ ચરવળો નવો આવે તો થાય કે, આજે પ્રતિક્રમણ કરીશુ ! સ્કૂટર નવું આવે તો ચક્કર મારવાનું મન થાય ને ?

✣ 'સુખ ભોગવવું નથી અને દુઃખ મજેથી ભોગવવું છે' – આ અધ્યવસાય પેદા થાય તો સાધુ થાય.

✣ પુણ્યનો ખપ સુખના અર્થીને હોય. જેને સુખ જોઈતું નથી તેને પુણ્યનું અર્થીપણું ન હોય.

✣ ઘરમાં દુઃખ વેઠો તો પાપનો બંધ કરાવે, મોક્ષ માટે ધર્મમાં દુઃખ વેઠો તો નિર્જરા કરાવે.

✣ કોઈની કથા તો કરવી નથી અને કદાચ કોઈની વાત કરવી હોય તો બીજાનો પરાભવ કે હલકાઈ ન થાય તેવી વાત કરવી.

✣ અજ્ઞાન જો ખટકે તો વિનય આવે. જ્ઞાન જો ગર્વિષ્ઠ બને તો અવિનય આવ્યા વિના રહે નહિ.

✣ નાના બાળકને બત્રીશ દાંત આવ્યા વગર તમે રોટલી ખાવા આપો ? તેમ જેને બત્રીશ દોષ ન આવડે તેને ત્યાં સુધી સામયિક ન કરવું તેમ કહું તો તમને લાગે ને કે જુલમ કર્યો છે !

✣ સહી કરતા ન આવડે તો અંગુઠો મારે પણ તે બરાબર કે ખોટું ? તેમ લોગસ્સ ન આવડે તો ચાર નવકાર તે વિકલ્પ છે, માર્ગ નથી.

✣ આપણને જે મલ્યું છે તે નથી જોવું પણ જે નડે છે તે જોવું છે.

✣ મને રાગ અને દ્વેષ નડે છે તેવી ફરિયાદ કોઈએ કરી નથી પણ માતા-પિતા, દીકરા-દીકરી-વહુની ફરિયાદ બધા કરે છે.

✣ આપણને નડે છે શું તેના બદલે નથી શું મલ્યું તે તરફ નજર માંડી છે. (ક્રમશઃ)

# મહાસતી સુલસા શ્રાવિકાની અદ્ભૂત અંતિમ સાધના....

રાગ : (હરિ ગીત)

રચયિતા : પૂ. મુનિ હિતવર્ધન વિજય મ.

### ૫) ચાર શરણા :

જે નામથી ને આકૃતિથી દ્રવ્યથી ને ભાવથી
ત્રણે લોકને પાવન કરે વંદન કરૂં શુભ ભાવથી
મૃત્યુ જરાને જન્મને જેણે હણ્યાં છે શાશ્વતા
અરિહંત મારે શરણે છે અરિહંત મારા દેવતા ...૨૪..

જે ભવનપતિમાં સ્થિત છે ક્રોડો પ્રતિમા શાશ્વતી
વંદન કરૂં જિનબિંબને આજે અનેરા ભાવથી
જે વ્યંતરોના લોકમાં ને જ્યોતિષીમાં છે વસ્યાં
તે શાશ્વતા જિનબિંબને ક્રોડો થજો મુજ વંદના ...૨૫..

જે બાર વૈમાનિકના દેવો વડે પૂજિત બને
તે શાશ્વતા જિનબિંબને મુજ મનવચન કાયા નમે
વંદન કરૂં શ્રી સિધ્ધગિરિને આબુને ગિરનારને
અષ્ટાપદાદિક તીર્થને મુજ મન વચન કાયા નમે ...૨૬..

તીર્થસ્થલી તે સર્વ છે જ્યાં જ્યાં બિરાજે જિનપતિ
વંદન કરૂં તે સર્વને હું મન વચન કાયા થકી
જે શાશ્વતા કે અશાશ્વતા જિનબિંબ છે સંસારમાં
મારે શરણરૂપે થજો અરિહંત શ્રી પરમાતમા ...૨૭..

તપના અનલમાં જે દેહ ઘાતી-અઘાતી કર્મમળ
પંદર પ્રકારો જેહના તે સિધ્ધનું ઈચ્છું શરણ
પાંચેય ઈન્દ્રીયને દમે ચારિત્રનું સેવન કરે
તે ક્ષમાવંત સુસાધુનું મુજ આતમા શરણું ગ્રહે ...૨૮..

સંસાર સાગરથી ઉગારે આતમાનું હિતકરે
જે મોક્ષ સુખ આપે અને બંધન બધા દૂર હરે
જેનું પ્રકાશન ઈન્દ્રની આગળ કર્યું તીર્થંકરે
તે પરમ પાવન ધર્મનું મુજ આતમા શરણું ગ્રહે ...૨૯..

### ૬) દુષ્કૃત ગર્હા :

ગુણવંત પુરૂષોની કરી ઈર્ષા અને આલોચના
ઉત્સૂત્રની ઉન્માર્ગની જે જે કરી મે દેશના
પુષ્કળ પ્રમાદ કર્યો અને વિકથા કરી જ પારકી
સઘળાય તે દુષ્કૃત્યની નિંદા કરૂં શુભભાવથી ...૩૦..

જે અધમ કાર્યો મે કર્યાં પ્રેર્યાં બીજાને તેહમાં
લાયક જીવોને જે કર્યાં વિઘ્નો વિપુલમે ધર્મમાં
સંબંધીને આધીન બની મિથ્યાત્વનું સેવન કર્યું
સઘળાય તે દુષ્કૃત્યની નિંદા કરૂં ગર્હા કરૂં ..૩૧..

### ૭) સુકૃતોની અનુમોદના :

જિનબિંબનું ને ચૈત્યનું નિર્માણ જે જે મે કર્યું
ને આગમાદિ શાસ્ત્રનું લેખન કર્યું પૂજન કર્યું
જે સાધુ સાધ્વીની કરી ભક્તિ તથા વિશ્રામણા
સઘળાય તે સુકૃત્યની આજે કરું અનુમોદના ...૩૨..

સાધર્મિકોને સ્થિર કર્યાં ભક્તિ કરી આદર કર્યો
જે સાત પુન્યક્ષેત્રમાં થોડો વધુ સદ્વ્યય કર્યો
પૌષધ કર્યા પ્રતિમા ધરી તપનું કર્યું જે આચરણ
સઘળાય તે સુકૃત્યનું આજે કરૂં હું સંસ્મરણ ...૩૩..

સમયાનુસારે અન્ય પણ જે ધર્મકાર્યો મે કર્યાં
સંપર્કમાં આવેલને સદ્ગુણ જે જે મેં દીધા
આજ્ઞા પ્રમાણે જે થયું સત્કર્મ મારા જીવનામાં
સઘળાય તે સુકૃત્યની આજે કરૂં અનુમોદના ..૩૪..

### ૮) શુભભાવના :

સંસારના સઘળા જીવો પર મૈત્રી હું ધારણ કરૂં
ને અન્યની ગુણ સંપદા અવલોકીને હર્ષિત બનું

દુઃખ દર્દમાં જે મગ્ન છે કરૂણા સદા તેની કરૂં
ને પાત્રતાથી રહિતની કાયમ ઉપેક્ષા આચરૂં ...૩૫..

*૯) અનશન :*

અશનાદિ ચાર પ્રકારના આહારને આજે ત્યજું
શુભ ભાવથી ગુરૂસાક્ષીએ અનશન હવે હું આચરૂં

*૧૦) નવકાર રટણા :*

મૃત્યુ સુધી મુજ હૃદયમાં નવકારની રટણા રહો
પરમેષ્ઠીરત્નો અંતિમપળે મુજ ચિત્તમાં આવી વસો ...૩૬..

*ઉપસંહાર :*

પરિણામનો ઉત્કર્ષ એવો સાધતી સુલસા સતી
અંતિમ પળે જિનનામની ઉપાર્જના તેની થતી
વચ્ચે ગ્રહી સુર જન્મ તે આગામી ઉત્સર્પિણીમાં
જિનરાજ પંદરમાં થશે 'હિત' મય કરૂં હું વંદના ...૩૭..

*સંદર્ભગ્રંથ : સમ્યક્ત્વસંભવ મહાકાવ્ય. (પૂ. આ. જયતિલક)*

## દ્રવ્યદર્શને રાગ, પર્યાયદર્શને વિરાગ

એક દિવસ એક નગરના રાજાએ ભોજન-સમારંભ ગોઠવીને સ્વજનો અને સ્નેહીજનોને આમંત્રણ આપ્યું. સુબુદ્ધિ નામના જૈન મંત્રીને ય બોલાવ્યા હતા. અત્યંત રસવતી વાનગીનાં વખાણ કરતાં જ્યારે કોઈ થાકતું ન હતું ત્યારે સુબદ્ધિ મંત્રીએ મૂંગા જ રહેવાનું પસંદ કર્યું. રાજાને એની આ રીત ન ગમી. એ બોલી ઊઠ્યા, 'મંત્રીશ્વર તો માત્ર રાજકાજમાં જ રસ ધરાવે છે. એમને બીજું કાંઈ ગોઠતું જ નથી.'

તો ય મંત્રી કાંઈ ન બોલ્યા. સહુ વીખરાયા.

વળી એક દિવસ રાજા, મંત્રી વગેરે સાથે ફરવા નીકળ્યા. રસ્તામાં ભયંકર બદબૂ છોડતી ખાળ આવી. સહુએ નાકે ડૂચા માર્યા, પણ મંત્રીને તો જેમના તેમ જ ઘોડા ઉપર બેસી રહેલા જોઈને રાજા ખૂબ આશ્ચર્ય પામી ગયા ! બધાએ છી.....છી.....છી....કર્યું .

એ દિવસે મંત્રીએ મનમાં ગાંઠ વાળી કે રાજા વગેરે સહુને 'સત્ય' સમજાવવું જોઈએ અને સન્માર્ગે વાળવા જોઈએ.

બીજે દિવસે મંત્રીએ ઘડો ભરીને એ જ ખાળનું ગંધાતું પાણી ઘરે મંગાવ્યું. એકની નીચે એક-એમ ઘડા ગોઠાવ્યા. દરેકમાં રેતી નાંખીને તે પાણી રેતીથી ગાળી લીધું. ત્યાર પછી કનક નામના ચૂર્ણથી સાત દિવસ સુધી ગાળીને નિર્મળ કર્યું. ત્યાર પછી અકેકા સુગંધિત દ્રવ્યનું મિશ્રણ કરીને સાત-સાત દિવસ રાખ્યું. એમ કુલ ૪૯ દિવસે ખાળના એ ગંધાતા પાણીના રૂપ-રંગ અને રસ-બધુંય બદલાઈ ગયાં. એમાં સઘળાંય પાણીમાં સાવ નોખી-અનોખી જ રસમયતા અને ગંધમયતા ઉત્પન્ન થઈ ગઈ.

એક દિવસ મંત્રીએ રાજાથી માંડીને બધાય સ્વજનો અને સ્નેહીજનોને પોતાને ત્યાં ભોજન-સમારંભ ગોઠવીને આમંત્ર્યા. પાન નં. ૩૫૮ પર જુઓ

# ચાર જમાઈની વાર્તા



કોઈક ગામમાં રાજાને રાજયમાં શાંતિ આદિ વિધાન કરનારો પુરોહિત હતો તેને એક પુત્ર અને પાંચ કન્યાઓ છે. તેણે ચાર કન્યાઓ વિદ્વાન બ્રાહ્મણ પુત્રોને પરણાવી હતી.

એક વખત પાંચમી કન્યાનો લગ્ન મહોત્સવ શરૂ થયો. લગનમાં ચારે જમાઈઓ આવી પહોંચ્યા. લગ્ન પૂર્ણ થયે છતે જમાઈઓ સિવાય સઘળા સંબંધીઓ પોતપોતાના ઘેર ગયા. ભોજનમાં લુબ્ધ જમાઈઓ ઘરે જવા ઈચ્છતા નથી. ચારે જમાઈઓ વિચારે છે- 'માણસોને સાસરે રહેવું સ્વર્ગ તુલ્ય છે.' ખરેખર, આ કહેવત સાચી છે એમ વિચારે કરીને એક ભીંત ઉપર આ કહેવત લખી. આ કહેવત વાંચીને સસરાએ વિચાર કર્યો. ''ખાવાના રસમાં લુબ્ધ આ જમાઈઓ કદાપિ જવાના નથી. તેથી તેઓને સમજાવવા જોઈએ.''

એમ વિચાર કરી તે શ્લોકના પદની નીચે ત્રણ પદ લખ્યા. - 'જો વિવેકી હોય તો તે પાંચ છ દિવસ રહે છે પણ દહીં, દુધ, ગોળમાં આસકત જો એક મહિનો રહે તો તે માણસ ગધેડાંની જેમ માન વિનાનો થાય છે.' તે જમાઈઓ ત્રણ પદો વાંચીને પણ ખાવાના રસની લોલુપતાથી ત્યાંથી જવાને ઈચ્છતા નથી. સસરો પણ વિચારે કરે છે. કેવી રીતે આમને સમજાવવા? સ્વાદિષ્ટ ભોજનમાં આસકત આ ગધેડા જેવા માન વિનાના છે. તે સૌને યુક્તિથી કાઢી મૂકવા જોઈએ.

પુરોહિત પોતાની સ્ત્રીને પૂછે છે 'આ જમાઈઓને ભોજન માટે શું આપે છે? તેણી કહે છે. અતિવહાલા જમાઈઓને (સવાર-બપોર-સાંજ) ત્રણે વખત દહીં, ઘી, ગોળ મિશ્રિત ભોજન અને પકવાન હંમેશા આપું છું' પુરોહિત સ્ત્રીને કહે છે- 'આજથી માંડીને તારે જમાઈઓને વજ્ર જેવા કઠણ જાડો રોટલો ઘી સહિત આપવો.'

પતિની આજ્ઞા ન ઓળંગી શકાય એમ વિચારીને તેણીએ ભોજન સમયે તેમને જાડો રોટલો ઘી સહિત આપે છે. તે જોઈને પહેલો મણીરામ જમાઈ મિત્રોને કહે છે- 'હવે અહીં રહેવું યોગ્ય નથી. પોતાને ઘેર આના કરતાં પણ સ્વાદિષ્ટ ભોજન છે. તેથી અહીંથી જવું જ શ્રેષ્ઠ છે. સવારે સસરાને કહી હું જઈશ.' બીજા જમાઈઓ કહે છે- 'અરે મિત્ર, મફતનું ભોજન ક્યાં હોય ? આ વજ્ર જેવો કઠણ રોટલો સ્વાદિષ્ટ ગણીને ખાવો કારણ કે 'લોકમાં પારકું અન્ન દુર્લભ છે' એમ કહેવત તે શું નથી સાંભળી ? તારી ઈચ્છા હોય તો જા, અમે તો સસરા કહેશે ત્યારે જઈશું. એમ મિત્રોનું વચન સાંભળીને પ્રભાતે સસરાની આગળ જઈને શીખ અને રજા માંગે છે. સસરો પણ તેને શીખ આપીને ફરી પણ આવજો એમ કહીને થોડેક સુધી મૂકવા જઈને રજા આપે છે. એ પ્રમાણે પહેલો જમાઈ મણીરામને વજ્રકુટ જેવો રોટલો આપીને કાઢી મૂકાયો.

ફરી પણ સ્ત્રીને કહે છે - 'હવે આજથી માંડીને જમાઈઓને તલના તેલથી યુક્ત રોટલો આપવો તે ભોજનવેળા એ જમાઈઓને તેલયુક્ત રોટલો આપે છે. તે જોઈને માધવ નામનો જમાઈ વિચાર કરે છે ઘરે પણ આ મળે છે તેથી અહીંથી જવું સારું છે. મિત્રોને પણ કહે છે -'હું કાલે જઈશ. કારણ કે ભોજનમાં તેલ આવી ગયું ત્યારે તે મિત્રો કહે છે- 'આપણી સાસુ વિદુષી છે. જે કારણથી શિયાળામાં તલનું તેલ જ જઠરાગ્નિ પ્રદીપ્ત કરવા માટે સારું છે, ઘી નહિ તેથી તેલ આપે છે. અમે તો અહીં રહીશું.' ત્યારે માધવ નામનો જમાઈ સસરા પાસે જઈને શીખ અને રજા માંગે છે. ત્યારે સસરો "જા, જા એમ રજા આપે છે, શીખ આપતો નથી એમ તલના તેલથી માધવ નામે બીજો જમાઈ ગયો."

ત્રીજા ચોથા જમાઈઓ જતા નથી. કેવી રીતે એમને કાઢી મૂકવા એમ વિચાર કરીને ઉપાય મેળવી સસરો સ્ત્રીને પૂછે છે- 'આ જમાઈઓ રાતે સુવાને માટે ક્યારે આવે છે? ત્યારે સ્ત્રી કહે છે-' "ક્યારેક રાતે દશ વાગે આવે છે. ક્યારેક બાર-એક વાગે આવે છે. પુરોહિત કહે છે"-આજે રાતે બારણું ન ઉઘાડવું હું જાગીશ.' તે બન્ને જમાઈઓ સંધ્યાએ ગામમાં મજા કરવા ગયા. જુદી જુદી ક્રિડાઓ કરતા, અને નાટકો જોતાં. મધરાતે ઘરને બારણે આવી પહોંચ્યા. બંધ બારણું જોઈને બારણું ઉઘાડવાને માટેથી બુમો પાડે છે.- 'બારણું ઉઘાડો.' ત્યારે બારણા નજીક પથારીમાં રહેલો પુરોહિત જાગતો કહે છે-'મધરાત સુધી તમે ક્યાં રહ્યા હતા? હમણાં હું ઉઘાડીશ નહિ. જ્યાં ઉઘાડું બારણું હોય ત્યાં જાઓ.' એમ કહીને મૌન રહ્યા.

ત્યારે તે બન્ને નજીકના ઘોડાના તબેલામાં ગયા ત્યાં પાથરવાના અભાવે અતિ ઠંડીથી પીડાયેલ તે બંને ઘોડાની પીઠ ઢાંકવાના વસ્ત્રને લઈને ભૂમી પર સુતા. ત્યારે વિજયરામ જમાઈએ વિચાર કર્યો- 'અહીં અપમાન સહિત રહેવું ઉચિત નથી.' ત્યારે તે મિત્રને કહે છે. 'હે મિત્ર ! ક્યાં આપણી સુખ શય્યા અને ક્યાં આ જમીન ઉપર આળોટવાનું ? આથી અહીંથી જવું તે સારું છે' તે મિત્ર કહેછે- આવા પ્રકારના દુઃખમાં પણ પારકું અન્ન ક્યાંથી ? હું તો અહી રહીશ. જો તું જવાને ઈચ્છતો હો તો જા.

ત્યારે તેણે પ્રભાતે પુરોહિત પાસે જઈને શીખ અને રજા માંગી ત્યારે પુરોહિતે 'સારું' એમ કહ્યું. એમ જમીન ઉપર શય્યા મળવાથી તે ત્રીજો જમાઈ વિજયરામ પણ નીકળી ગયો.

હવે ફક્ત કેશવ જમાઈ ત્યાં રહ્યો. તે જવાને ઈચ્છતો નથી. પુરોહિત પણ કેશવ જમાઈને કાઢવાની યુક્તિ વિચારીને પોતાના પુત્રના કાનમાં કંઈક કહીને 'જ્યારે કેશવ જમાઈ ભોજન માટે બેઠો અને પુરોહિતનો પુત્ર પાસે ઉભો છે ત્યારે તે આવ્યો અને પુત્રને પૂછે છે-' 'પુત્ર ! અહીં મેં રૂપીયો મૂક્યો

હતો તે કોણે લીધો ? તે કહે છે - 'હું જાણતો નથી.' પુરોહિત કહે છે - 'તેં જ લીધો છે, હે અસત્યવાદી જૂઠાબોલા પાપી નિર્લજ્જ તે મને આપી દે. નહીં તો તને મારીશ' એમ કહીને તે જોડો લઈને મારવા માટે દોડ્યો પુત્ર પણ મુઠી વાળીને પિતા સામે ગયો. તે બન્નેને લડતા જોઈને કેશવ તેમની વચ્ચે જઈને 'લડો નહિ, લડો, નહિ' એમ કહીને ઉભો ત્યારે પુરોહિત-હે જમાઈ ! ખસી જા ખસી જા એમ કહીને તેને જોડાથી પ્રહાર કરે છે. પુત્ર પણ કેશવ આઘો જા, આઘો જા' એમ કહીને મુઠીથી તે કેશવને મારે છે. એમ પિતા-પુત્ર કેશવને મારે છે ત્યારે તે તેઓથી ધક્કા મુક્કી વડે માર ખાતો જલદી ભાગી ગયો. એ પ્રમાણે ધક્કા મુક્કીથી તે કેશવ, કહ્યા વગર ગયો.

તે દિવસે પુરોહિત રાજાની સભામાં મોડો ગયો. રાજા તેને પૂછે છે - 'કેમ તું મોડો આવ્યો છે ? તે કહે છે 'લગ્ન મહોત્સવમાં જમાઈઓ પધારેલા તેઓ તો ભોજનના રસમાં લોલુપતાવાળા થયેલા લાંબો વખત રહ્યા છતાં પણ જવાને ઈચ્છતા નથી. તેથી યુક્તિથી સર્વેને કાઢી મૂક્યા તે આ પ્રમાણે - 'મણીરામ કઠણ વજ્ર જેવા રોટલાથી, માધવ તલના તેલથી, વિજયરામ ભોંયપથારીથી અને ધક્કામુક્કીથી કેશવ' એમ બધી વાત રાજાની આગળ કહી. રાજા પણ તેની બુદ્ધિથી અત્યંત ખુશ થયો. એ પ્રમાણે જે ભવ્ય જીવો કામ ભોગના વિષયમાં લોલુપ બનેલાં પોતે જ વિષયવિકારોને છોડતા નથી, તે આ પ્રકારે દુઃખ ભોગવનારા થાય છે.

ઉપદેશ :- પારકાનું ભોજન કરવાની અતિ આસક્તિ સુખ આપનારી નથી. ચાર જમાઈનો પરાભવ સાંભળીને સસરાના ઘેર જ્યાં સુધી સન્માન જળવાય ત્યાં સુધી જ રહેવું જોઈએ.

અનુસંધાન પાનાનું ચાલુ ૩૫૫ થી

વાનગીઓ અત્યંત રસવતી બની હતી, પણ જ્યાં દરેકની પાસે પેલા સુગંધિત જળનાં ભરેલાં પ્યાલાં ગોઠવાયા ત્યાં તો આખા ખંડની હવા જ પલટાઈ ગઈ. ચોગરદમ ત્યાં સુગંધ ! એકલી સુગંધ ! આમંત્રિતોનાં મગજ એ સુગંધની માદકતાથી તરબતર બની ગયાં.

અને જ્યાં સહુએ એ પાણી પીધું ત્યાં તો દરેકના મોંમાંથી ન સમજાય એવો આનંદનો સીસકારો નીકળી ગયો ! સહુ બોલી ઊઠ્યા :

અદ્‌ભૂત જલ !

રાજાએ કહ્યું, ''સુબુદ્ધિ ! આજ સુધી તમે મને કેમ આવા અનુપમ પાણીની વાત પણ ન કરી ? શું આપણા નગરમાં જ આવું પાણી મળે છે ?''

'જી, હા...પેલી ખાળમાં જ, એની દુર્ગંધથી આપે નાકે રૂમાલ દાબ્યો હતો !' મંત્રીએ કહ્યું.

'અસંભવ........અસંભવ' એકી અવાજે સહુ બોલી ગયા.

સુબુદ્ધિ મંત્રીશ્વર ગંભીર બનીને, ઠાવકા મોંએ કહ્યું, 'રાજન્ ! અપરાધ માફ કરજો. આ તે જ ખાળનું તે જ ગંધ મારતું પાણી છે.'

ત્યાર પછી મંત્રીશ્વરે તે પાણીનું આ રૂપાંતર કેવી રીતે થયું તે સઘળી વાત માંડીને કરી અને છેવટે કહ્યું , 'રાજન્ ! હવે આપ સમજી શકશો કે આપના રસવંતા ભોજન સમારંભમાં અને ખાળની દુર્ગંધમાં હું કેમ સ્થિતપ્રજ્ઞ બની રહ્યો હતો !

રાજન્ ! જે દ્રવ્યને જ જુએ છે તેને જ રાગ અને ધિક્કાર જાગે છે, પણ દ્રવ્યના પર્યાયોને જે જુએ છે તેને સર્વત્ર વિરાગ જ પ્રાપ્ત થાય છે.

- ટચુકડી કથાઓમાંથી - પ.પૂ. ચંન્દ્રશેખર વિજયજી મ.

# જીવ રક્ષાનો મહિમા

*(ભીમકુમારની કથા માંથી)*

આ પ્રમાણે સાંભળીને સર્વે સભાસદો સંભ્રમિત થઈ ગયા. એવામાં તો એકદમ ઉત્તર દિશાનો પવન પ્રગટ થયો અને ઈશાન ખુણામાં એક કચોળામાત્ર જેટલું અભ્રપટલ પ્રગટ થયું; એટલે નિમિત્તજ્ઞ બોલ્યો 'હે લોકો! જુઓ, જુઓ, આ વાદળ બધા આકાશને ઢાંકી મૂકશે.' એમ તે બોલે છે તેવામાં તો તે વાદળું આકાશમાં સર્વત્ર વ્યાપ્ત થઈ ગયું. એટલે સભાસદો બધા સ્વસ્થાને ગયા, અને નાટક વિસર્જન કરવામાં આવ્યું. એ વખતે આકાશમાં એકદમ એવો ગર્જારવ થયો કે જેથી વસુધા જાણે ભય પામી હોય તેમ પ્રતિશબ્દથી બુંબારવ કરવા લાગી, તથા ઉદ્દંડ વીજળીના ઝબકારા જાણે મહીમંડલને ગ્રસ્ત કરવાને ઈચ્છતા હોય તેમ પ્રસરવા લાગ્યા અને રાજા વિગેરેના જોતાં વરસાદ મુશળધારાએ વરસવા લાગ્યો. ક્ષણવારમાં બધું જળથી વ્યાપ્ત થઈ ગયું. નગરમાં હાહારવ થઈ રહ્યો. લોકો આક્રંદ કરવા લાગ્યા. નગરમાં મોટો ક્ષોભ થયો. પાણી ક્યાંય પણ માતું નો'તું. તે વખતે રાજા, અમાત્ય અને નિમિત્તજ્ઞ-એ ત્રણે એક સાત ભૂમિવાળા આવાસ પર ચડ્યા. નગરજનોનું આક્રંદન સાંભળીને રાજા દુઃખી થયો. પાણી વધતું વધતું અનુક્રમે સાતમી ભૂમિકાએ પહોંચ્યું. તે જોઈને રાજા વિચારવા લાગ્યો. ''અહો! ધર્મ ન કરવાથી મને આ સંકટ પ્રાપ્ત થયું, મેં કંઈ પણ સુકૃત ન કર્યું, મારૂં આયુષ્ય ક્ષીણ થઈ ગયું. અહો ! વિષયમાં આસક્ત મન હોવાથી મેં જિનેંદ્રભાષિત ધર્મ ન આરાધ્યો. અહો ! મેં આ જન્મ વૃથા ગુમાવ્યો.' કહ્યું છે;

**'મનુષ્યોના સો વર્ષના પરિમિત આયુષ્યમાંથી અર્ધ આયુ રાત્રિનું જાય છે, તે અર્ધ તું અર્ધ બાલત્વ અને વૃદ્ધત્વમાં જાય છે, અને બાકીનું વ્યાધિ, વિયોગ અને દુઃખમાં સમાપ્ત થાય છે.** અહો! જળતરંગના જેવા ચપળ ભવનમાં પ્રાણીઓને સુખ ક્યાં છે ?'

થોરના વૃક્ષને માટે હું કલ્પવૃક્ષ હાર્યો, કાચના કટકાને માટે ચિંતામણિ હાર્યો, આ અસાર સંસારના મોહમાં લીન થઈને હું મૂઢ ધર્મને હારી ગયો. હવે હું શું કરૂં ? અને ક્યાં જાઉં ?'' એમ વિચારી રાજા બોલ્યો. 'મને અરહિંત, સિદ્ધ, સાધુ અને કેવળીભાષિત ધર્મનું શરણ થાઓ.' આ પ્રમાણે રાજા વિકલ્પ કરે છે એવામાં પાણી નજીક આવ્યું. એટલે રાજા અંતરમાં નમસ્કાર-મંત્ર ચિંતવવા લાગ્યો. એ વખતે એક વહાણ તેની સન્મુખ આવ્યું. તે જોઈને સચિવ બોલ્યો, 'હે રાજન્! કોઈ દેવતાએ તમને આ વહાણ મોકલ્યું જણાય છે, માટે એની ઉપર આરૂઢ થાઓ.' એમ સાંભળીને રાજા જેટલામાં તે વહાણમાં ચડવાને પગ ઉપાડે છે, તેવામાં ન મળે મેઘ કે ન મળે ગર્જારવ. પ્રથમ પ્રમાણે જ પોતાને સભામાં સ્વસ્થ બેઠેલો જોયો અને ગીત નૃત્યાદિ મહોત્સવથી ખુશ થયેલા સર્વ લોકો પણ જોવામાં આવ્યા. એટલે રાજાએ નિમિત્તજ્ઞને પૂછ્યું 'હે દૈવજ્ઞ! આ તે શું આશ્ચર્ય ?' નિમિત્તિ બોલ્યો, 'હે રાજેન્દ્ર ! મેં વિદ્યાના બળથી તમને ઈંદ્રજાળ બતાવી.'

રાજાએ પ્રસન્ન થઈને તેને બહુ ધન આપી વિસર્જન કર્યો. પછી તે ઈંદ્રજાળ જોઈને રાજ્યથી વિરક્ત થયેલ રાજા મનમાં ચિંતવવા લાગ્યો, ''અહો! જેવું આ ઈંદ્રજાળનું સ્વરૂપ ક્ષણિક જોવામાં આવ્યું, તેવું જ તારૂણ્ય, સ્નેહ, આયુ અને વૈભવાદિક બધું સંસારનું ક્ષણિક સ્વરૂપ છે. વળી આ દેહ અપવિત્ર છે. 'રસ, રક્ત, માંસ, ચરબી, અસ્થિ, મજ્જા, શુક્ર, આંતરડા અને ચર્મ-ઈત્યાદિ અશુચિ પદાર્થોનાં સ્થાનરૂપ આ શરીરમાં પવિત્રતા ક્યાંથી હોય ?' 'જ્યાંથી જન્મવું તેમાં જ રક્ત થવું અને જેનું પાન કરવું તેનું જ મર્દન કરવું-અહો આમ હોવા છતાં મૂઢ જનોને વૈરાગ્ય કેમ થતો નથી ?'

'હું કોણ અને ક્યાંથી આવ્યો ? મારી માતા કોણ અને મારા પિતા કોણ ?' આ પ્રમાણે વિચાર કરતાં આ લોકનો બધો વ્યવહાર સ્વપ્ન જેવો લાગે છે. વળી-સછિદ્ર કુંભમાં રહેલ જળની જેમ આયુ નિરંતર ગળતું જાય છે અને વાયુથી ચલિત થયેલ દીપકકલિકાની જેમ લક્ષ્મી ચંચલ છે. એ રીતે

જગત સર્વ અનિત્ય હોવાથી હવે મારો આત્મા તેમાં રક્ત થતો નથી. હું હવે પૂર્વપુરૂષોએ આચરેલા યતિ ધર્મનો જ સ્વીકાર કરવા ઈચ્છું છું'' આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી પોતાના હરિવિક્રમ નામના કુમારને રાજ્ય પર બેસાડી રાજા પોતે તિલકાચાર્ય ગુરૂ પાસે દીક્ષા લઈ સાધુ થયા.

હે ભદ્ર ! તે ભુવનસાર રાજા હું પોતે જ છું અને એ મારા વૈરાગ્યનું કારણ છે. આ પ્રમાણે કહીને પુનઃ મુનિ બોલ્યા 'હે ભીમ ! અંગીકાર કરેલ વ્રતમાં તારે નિશ્ચળ રહેવું.'

ભીમ બોલ્યો, ' હે પ્રભો ! આપનો આદેશ મને પ્રમાણ છે.' પછી મુનિને નમસ્કાર કરીને પર્ષદા બધી સ્વસ્થાને ગઈ અને ભીમ પણ દેવપૂજા, દયા, દાનાદિક, અગણ્ય પુણ્ય કરતો યુવરાજ પદવી ભોગવવા લાગ્યો.

એકવાર ભીમકુમાર પોતાના મહેલમાં મિત્રો સાથે ક્રીડા કરતો હતો, એવામાં ત્યાં એક કાપાલિક આવ્યો, અને આશીર્વાદ દેવા પૂર્વક ભીમની પાસે બેસી તેને એકાંતે લઈ જઈ કહ્યું, 'હે ભીમ ! હે પરાક્રમથી પરોપકારી ! સાંભળ- મારી પાસે **ભુવન ક્ષોભિણી** નામે એક શ્રેષ્ઠ વિદ્યા છે.મેં બાર વર્ષ પૂર્વે તેની સાધના કરી છે, હવે તેની ઉત્તર સાધના પ્રેતવન (સ્મશાન)માં આવતી કૃષ્ણચતુર્દશીના દિવસે કરવાની છે. માટે હે મહાસત્ત્વ ! જો તું ઉત્તરસાધક થાય, તો મારી વિદ્યા સિદ્ધ થાય.' આ પ્રમાણે સાંભળીને રાજકુમાર મનમાં વિચારવા લાગ્યો, **'આ વિનશ્વર અને અસાર દેહથી જો કોઈનો પણ ઉપકાર થતો હોય તો શા માટે ન કરવો ?'** એમ વિચારી કુમારે તેનું વચન કબુલ રાખ્યું. એટલે પુનઃતે પાખંડી બોલ્યો, 'હે કુમાર ! દશ દિવસ પછી કૃષ્ણ ચતુર્દશી આવશે; તો તેટલા દિવસ મારે તારી પાસે રહેવું છે.' કુમારે તેની પણ પરવાનગી આપી, એટલે તે ત્યાં રહ્યો, અને કુમારની સાથે ભોજન અને ગોષ્ઠી (વાતચીત) કરવા લાગ્યો. આથી મીત્રી પુત્રે તેને એકાંતમાં કહ્યું, 'હે સ્વામિન્ ! આ પાખંડીની સાથે તમારે વાતચીત કરવી યુક્ત નથી. **દુર્જનનો સંગ વિષની જેમ મનુષ્યને મારે છે.'** કુમાર બોલ્યો,:- 'હે મિત્ર ! તારૂં કહેવું સત્ય છે, પરંતુ દાક્ષિણ્યથી મેં તેનું વચન અંગીકાર કર્યું છે, તેથી તેનો નિર્વાહ કરવો એ જ શ્રેયસ્કર છે.' આ પ્રમાણેનો ઉત્તર સાંભળી મંત્રી પુત્રે તેને પુનઃ પુનઃ વાર્યો, છતાં કુમારે પોતાનો કદાગ્રહ મૂક્યો નહિ.

અનુક્રમે કૃષ્ણ ચતુર્દશી આવી, એટલે રાત્રિના એક પ્રહર પછી વીરવેષને ધારણ કરી નિર્ભય થઈ કુમાર તે કાપાલિકની સાથે સ્મશાન તરફ ચાલ્યો. ત્યાં મંડળ ઓળખી કોઈ દેવતાનું સ્મરણ કરીને કાપાલિક કુમારનો શિખાબંધ કરવા લાગ્યો, એટલે ભીમ કુમાર બોલ્યો, 'મારે શિખાબંધ કેવો ? મારે તો સત્ત્વ એજ શિખાબંધ છે.' એમ કહી ભીમ ખડ્ગને સજ્જ કરી અને સાહસમાં રસિક થઈ સિંહની જેમ તેની પાસે ઉભો રહ્યો. એટલે પાખંડીએ ચિંતવ્યું, 'આનો શિખાબંધનો છળ તો વ્યર્થ થયો; હવે તો પરાક્રમથી જ એનું શિર લેવું' એમ વિચાર હાથમાં નાની તલવાર લઈ આકાશ જેવડું પોતાનું મોટું રૂપ કરી ક્રોધિત થઈ ભયંકર ગર્જારવ કરતો ભીમને કહેવા લાગ્યો 'હે બાળ ! પરાક્રમથી જ તારૂં મસ્તક મારે લેવું છે, પણ જો સ્વયં તું તારૂં શિર આપીશ તો આવતા ભવમાં સુખી થઈશ.'

આ પ્રમાણે સાંભળીને ભીમ બોલ્યો, 'રે ચંડાળ ! પાંખડિક! માયાવી ! હવે તો હું તને મારવા નો જ છું.' એટલે પાખંડીએ ભીમ ઉપર શસ્ત્રનો પ્રહાર કર્યો ભીમ તે શસ્ત્રનો ઘા ચૂકાવીને હાથમાં કૃપાણને કંપાવતો તરત કુદકો મારીને તેના સ્કંધ પર ચડી બેઠો. તે વખતે કરવાલરૂપ સ્ફુરાયમાન જિહ્વાવાળા સિંહની જેમ તેના સ્કંધ પર આરૂઢ થયેલો ભીમકુમાર અધિક શોભવા લાગ્યો, પછી ભીમ વિચારવા લાગ્યો, 'હું આને મારી નાખું ?' પુનઃ વિચાર કર્યો 'કપટથી શા માટે મારૂં ? જો જીવતો રહીને મારી સેવા સ્વીકારતો હોય તો વધારે સારૂં.' એમ કુમાર વિચારે છે એટલામાં તો કાપાલિકે તેને બે પગ વડે પકડી આકાશમાં ઉછાળ્યો.

આકાશમાંથી પડતાં તેને કોઈ યક્ષિણી કરસંપુટમાં અધર ઝીલી લઈ પોતાના મંદિરમાં ઉપાડી ગઈ. ત્યાં ઉંચા, મનોહર અને વિસ્તીર્ણ એવા દિવ્ય રત્નમય સિંહાસન પર કુમારને બેસાડી દેવી કહેવા લાગી, 'હે સુભગ ! આ વિંધ્યાચલ પર્વત છે, તેની ઉપર આ મારૂં વિકુર્વેલું ભવન છે અને હું કમલા નામે યક્ષિણી અહીં ક્રીડા માટે રહું છું. આજે હું મારા પરિવાર સહિત અષ્ટાપદ પર્વત પર ગઈ હતી, ત્યાંથી પાછી વળતાં કાપાલિકે આકાશમાં ઉછાળેલા એવા તને જોયો, તેથી નીચે પડતા તને કરસંપુટમાં યત્નથી ઝીલી લઈને મેં બચાવ્યો. અત્યારે હું દુર્વાર કામના પ્રહારથી વ્યાકુળ થઈ ગઈ છું, માટે તેનાથી મારૂં રક્ષણ કર. હું તારે શરણે આવી છું. વળી આ મારો બધો પરિવાર તારા સેવકતુલ્ય છે. હે સુભગ ! તું મારી સાથે યથેચ્છ દિવ્ય ભોગ ભોગવ.'

*(ક્રમશઃ)*

# સર્વત્ર ભાગ્ય ફળે છે

…ખક - મુનિશ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'

(હપ્તો - ૫)

ચિત્ર - ભાસ્કર સાગર, પૂણે



*શ્રીમતિ કસ્તુરબેન હંસરાજ દોઢિયા*

# જીવન ઝરમર



શ્રીમતિ કસ્તુર બેન હંસરાજ દોઢિયા ગામ : નાઘેડી

જન્મ : ૪-૨-૧૯૨૮ - નાઘેડી ✻ મૃત્યુ તિથિ : ૧૪-૪-૨૦૦૮ - જામનગર

શ્રીમતી જશમાબેન તથા શ્રી દેવશી રાયમલ સાવલા-નાઘેડીવાળાના મોટા પુત્રી.

**શિક્ષણઃ** :- ગુજરાતી ધોરણ-૪ સુધીનું. નાઘેડી મુકામે. પછીથી માતૃપક્ષ જામનગર મુકામે સ્થાયી થયો.

**લગ્ન** :- જામનગર મુકામે ગામ નાઘેડીના શ્રી ઘેલજી નરશી દોઢિયાના સુપુત્ર હંસરાજ સાથે તા ૧૯૪૧.

**આફ્રીકા** :- સને ૧૯૪૭માં ગયાં. કેન્યાના મરાગ્વા ગામે સને ૧૯૬૯ સુધી રહ્યા પછી નોટીસ મળતાં ભારત પાછા ફર્યા.

**સંતાનો** :- (૧) પુત્ર : વર્ષ હયાત નથી ૧૯૪૩ (૨) પુત્રી : હંસા ચંદ્રવદન માલદે ૧૦-૧-૫૨
(૩) પુત્ર : ભરત હંસરાજ ૧૪-૫-૫૮ (૪) પુત્રી : જયોતિકા નિલેશ હરીયા ૫-૧૧-૬૨

**દીક્ષા** :- લક્ષ્મણાશ્રીજી મ.સા. ૧૯૫૯ માં કીકાઈ-નાણંદ લીલાવતી બહેનને દીક્ષાનો ભાવ થતાં તેમના પુત્ર શ્રી રમણીક ભીખાલાલ વોરાની જવાબદારી સંભાળીને ધામધુમથી દીક્ષા મહોત્સવની ઉજવણી કરવા દેશમાં આવ્યા. ત્યારથી ગરમપાણી તથા એકાસણા-બીયાસણા-ચોવીહાર ચાલુ થયા.

**યાત્રા** :- સમેતશિખર, પાલીતાણા (અનેકવાર), ગીરનાર, શંખેશ્વર, છ ગાઉ, ૧૨ ગાઉ, ૩ ગાઉ રાજસ્થાન આખું તથા દિલ્હી તરફના પ્રદેશોની યાત્રા

**સંઘ** :- પગપાળા સંઘ - જામનગર થી મોડપરનાં સંઘપતિ સંઘવણ બન્યા.
સગા સ્નેહીઓને બસ દ્વારા (૧) પાલીતાણા (૨) પાલીતાણા, શંખેશ્વર, ડોળીયા સને:

**ચોમાસાં** :- પાલીતાણા મુકામે-બે વખત

**ઉપધાન** :- ત્રણ

**વરસીતપ** :- બે સળંગ

**છ'રી પાલીત સંઘ :** જામનગર, જુનાગઢ, પાલીતાણા - ૧

**છ'રી પાલીત સંઘ :** જામનગર થી પાલીતાણા - ૬

વીસ સ્થાનકની આયંબીલની ઓળી આખી, વર્ધમાન તપની ઓળી ૩૪ નવપદજીની ઓળી- અસંખ્ય, અઠાઈ -૩, છકાઈ -૧, અઠમ - અસંખ્ય

*આવું સુંદર જીવન જીવી કેન્સરની બિમારીમાં પણ પીડા ઘણી થવા છતાં સમતા રાખી સ્વર્ગવાસ પામ્યા.*
*તેમની સુવાસ એટલી કે સેંકડો માણસો રાત્રે ૧૨ વાગ્યા સુધી આવતા અને પોતે દરેકને નવકાર ગણી હાથ ઊંચા કરતા.*

**લંડન** :- સને :...................માં બે મહીના માટે ભાણેજનાં લગ્ન માટે.

# સમાચાર સાર

**અમદાવાદ-પાલડી શાંતિવનનાં આંગણિયે ઉજવાયેલ પિતા-પુત્રીનો ભવ્ય પ્રવ્રજ્યા મહોત્સવ :-**

વરાડીઆ (કચ્છ) ના વતની અને વર્ષોથી મુંબઈ મુલુંડમાં વસવાટ કરતા કચ્છી દશા ઓશવાળ જ્ઞાતીય શ્રીમાન્ વીરચંદભાઈ હંસરાજ ડાઘા કે જેઓ ટેક્ષ પ્રેકટીશનર્સનો વ્યવસાય કરતા હતા. તેઓ તથા તેમના સુપુત્રી જિજ્ઞાકુમારી કે જેઓએ પણ ઈલેકટ્રોનિક એન્જીનીયર સુધીનો અભ્યાસ હોવા છતાં પણ વિરાગવંત બની સર્વવિરતિના માર્ગે પ્રયાણ કરવા દ્રઢ નિર્ધાર કર્યો. તેમની ભગવતી પ્રવ્રજ્યાનો મહોત્સવ અમદાવાદ રાજનગર-શાંતિવન પાલડીમાં શ્રી વિજય ચિંતામણી પાર્શ્વનાથ ભગવંતની છત્રછાયામાં તેમજ શાસનપ્રભાવક પૂ. આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂરીશ્વરજી મહારાજા, મધુરકંઠી પૂ. પંન્યાસ પ્રવર શ્રી કુલશીલ વિજયજી ગણિવર તથા પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મહારાજ આદિની નિશ્રામાં અદ્ભૂત શાસન પ્રભાવના પૂર્વક ઉજવાયો. મહોત્સવના છેલ્લાં બે દિવસ સંઘની આગ્રહભરી વિનંતિથી વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રભાકર સૂરીશ્વરજી મહારાજાએ નિશ્રા પ્રદાન કરેલ. ચૈ.વ. ૧૩ ના મુમુક્ષુજનોનું સપરિવાર મુંબઈથી અમદાવાદ આગમન થયેલ. ચૈ.વ. ૧૪ ના શ્રી કુંભ સ્થાપન, દીપક સ્થાપન. ચૈ.વ. ૦)) ના નવગ્રહાદિ પાટલા પૂજન, વૈ. સુ.૧ ના શ્રી પંચકલ્યાણક પૂજા ઉલ્લાસ પૂર્વક ભણાવાયેલ. વૈ. સુ.૨ ના શ્રી સિદ્ધચક્ર મહપૂજન, રાત્રે ભાવનામાં સંગીતકાર શ્રી ઋષભકુમાર આદિ યુવકોએ જિનભકિતની અનેરી રમઝટ મચાવેલ. વૈ. સુ ૩+૪ ના શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન અતિ ઉલ્લાસભેર ભણાવાયેલ. તે જ દિવસે રાત્રે પ્રસિદ્ધ સંગીતકાર આસુતોષ વ્યાસે પ્રભુભક્તિની રમઝટ મચાવેલ. વૈ. સુ.૫ ના સવારે ૮-૦૦ કલાકે વર્ષીદાનની ભવ્ય રથયાત્રાનો પ્રારંભ થયેલ ઈંદ્રધજા, અશ્વો, મલપતા, ગજરાજો વિવિધ બગીઓ, રાસમંડળીઓ, પૂ.ગુરૂદેવોની પ્રતિકૃતિથી અલંકૃત ભવ્ય ફલોટ. મુમુક્ષુ વીરચંદભાઈની વર્ષીદાનનો સૂર્યરથ તથા મુમુક્ષુ જિજ્ઞાકુમારીનં વર્ષીદાનની હંસનૌકા, ડીસાનું સુવિખ્યાત અજંટા બેન્ડ, પરમાત્માનો ભવ્ય રથ વિશાલ સાજન-માજનથી રથયાત્રા અતિ શાસન પ્રભાવક બનેલ. દીક્ષાર્થીના નિવાસસ્થાન તક્ષશિલા ફલેટથી પ્રારંભાયેલ વર્ષીદાન યાત્રા, પંચતીર્થ, પાંચ રસ્તા, રાજગાર્ડન, વિકાસ ગૃહ રોડ, ધાણીધર દેરાસર, અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પંકજ લક્ષ્મી વર્ધક થઈ કૃપા સાગર ઉતરતા દેવબાગના હોલમાં બંને પૂ. આચાર્ય ભગવંતોનું પ્રવચન થયેલ. ગરમીનો સમય હોવા છતાં પણ વરઘોડાના પ્રારંભમાં બે કલાક વાદળ છાયું વાતાવરણ રહેતા જનસમુદાય આશ્ચર્ય ચકિત બની ગયેલ. તે જ દિવસે બપોરે ૩-૦૦ કલાકે ચારિત્ર વંદનાવલીનો સુંદર કાર્યક્રમ મુંબઈથી પધારેલ પં. અજીતભાઈ સર મુલુંડાવાળાએ ખૂબ સુંદર સંવેદના કરાવેલ. રાત્રે ૮-૩૦ કલાકથી બહુમાન સમારંભનો પ્રારંભ થયેલ. રાત્રે ૧૨-૦૦ કલાક પછી પૂર્ણાહૂતિ થયેલ-જનસંખ્યા વિશાળ પ્રમાણમાં ઉપસ્થિત હતી. મુમુક્ષુ જિજ્ઞાકુમારીએ હૃદયંગમ શબ્દોમાં ઉદ્બોધન કરી સૌ ભાવિકોને ચારિત્ર ધર્મની મહત્તા સમજાવેલ. વિદાય તિલક આદિની ઉછામણીઓ પણ ખૂબ સુંદર રીતએ બોલાવેલ. જે દિવસની મુમુક્ષુજનો ચાતક નજરે પ્રતિક્ષા કરી રહેલા તે મંગળ દિન વૈ. સુ.૬ ની મંગળ પ્રભાતે (સવારે) જિનમંદિરમાં -સ્નાત્ર આદિ મુમુક્ષુજનોએ ખૂબ ઉલ્લાસ પૂર્વક ભણાવેલ. સવારના ૭.૧૫ કલાકે સુસ્વાગત મુમુક્ષુઓએ - પી.પી.સી.સી. ગ્રાઉન્ડમાં બંધાયેલ વિશાળ મંડપમાં પૂ. આ.ભ.શ્રી વિ. પ્રભાકર સૂ. મ., પૂ.આ.ભ. શ્રી વિ. ગુણશીલ સૂ.મ., પૂ. પં. શ્રી કુલશીલ વિ. ગણિવર, પૂ.મુ.શ્રી દિવ્યભૂષણ વિ.મ., પૂ.પં.શ્રી કુલરત્ન વિ.ગણિવર, પૂ.મુ.શ્રી મુક્તિધન વિ. મ. આદિ તેમજ વિશાલ શ્રમણી વૃંદની ઉપસ્થિતિમાં દીક્ષાની મંગલવિધિનો પ્રારંભ થયેલ. શુભ મહુર્તે રજોહરણ અર્પણ કરાતા મુમુક્ષુઓનો ઉલ્લાસ ચરમસીમાએ પહોંચી ગયેલ. મુમુક્ષુઓને વેશ પરિધાન માટે લઈ જવાતા ઉપકરણોની ઉછામણી અતિ ઉલાસપૂર્વક બોલાયેલ. વેશ પરિધાન બાદ સંયમી વસ્ત્રોમાં સજજ નૂતન દીક્ષીતો મંડપમાં પધારતા જ વિશાળ મંડપ 'નૂતન દીક્ષીતનો જય જયકાર'ના

ના નાદથી ગૂંજી ઉઠેલ. ત્યારબાદ મુંબઈથી પધારેલા શ્રીયુત્ ભાગચંદભાઈ દામજી જૈન પરિવારે પૂજ્ય શ્રીજી પાસે રાજનગર (અમદાવાદ) થી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના છ'રી પાલક સંઘના મહૂર્તોની યાચના કરતાં પૂ.આ.ભ.શ્રી ગુણશીલ સૂ.મ.એ.વિ.સં. ૨૦૬૫ માગસર વદ-૨ રવિવાર તા. ૧૪-૧૨-૦૮ અને પાલીતાણામાં તીર્થ માળનું મુહૂર્ત વિ.સં. ૨૦૬૫ પોષ સુદ-૫ તા. ૧-૧-૨૦૦૮ નું ફરમાવેલ. સંઘપતિ પરિવારનો ઉલ્લાસ અગણિત હતો. ત્યારબાદ વડોદરા સુભાનપુરા જૈન સંઘના આરાધકો ત્યાંથી બસ લઈને ચાતુર્માસની વિનંતી કરવા આવેલા. પૂ. ગચ્છાધિપતિ આ.ભ.હેમભૂષણ સૂ.મ. ની અનુજ્ઞાપૂર્વક પૂ.આચાર્ય ભગવંત શ્રીજીએ ચાતુર્માસની 'જય' બોલવતા સંઘમાં હર્ષોલ્લાસનું વાતાવરણ છવાયેલ ત્યારબાદ આત્મસુખ પ્રકાશન મુંબઈ દ્વારા પ્રકાશિત **અતીતના ઝરૂખેથી** (બાર ચક્રવર્તી ચારિત્ર-સચિત્ર) પુસ્તકનું વિમોચન વિધિ શ્રી જયેશભાઈ ભાગચંદભાઈ જૈન પરિવારે કરેલ. ત્યારબાદ નૂતન દીક્ષીતોને સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવેલ. શુભમુહૂર્તો લોચની મંગલવિધિ થયેલ. નામકરણ સમયે વીરચંદભાઈનું નામ મુનિરાજશ્રી વિનમ્રશીલ વિજયશીલ જાહેર કરી મુનિરાજશ્રી હર્ષશીલ વિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયેલ. તો જિજ્ઞાકુમારીનું સા.શ્રી જિનરમ્યાશ્રીજી નામાભિધાન કરી સા.શ્રી. ઈન્દ્રરેખાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરાયેલા. પ્રાંતે પૂ.આચાર્યભગવંતોએ હિતશિક્ષા ફરમાવેલ. સવારના ૭.૩૦ કલાકથી પ્રારંભાયેલ ક્રિયાની પૂર્ણાહૂતિ - બપોરના ૧૨.૪૫ કલાકે થયેલ ત્યાં સુધી મંડપમાં વિશાળ-સંખ્યાની ઉપસ્થિતિ હતી. દીક્ષા પ્રસંગે રાકેશભાઈ શાહ, ભાવિનભાઈ શેઠ, દીપકભાઈ ભટ્ટ આદિની પણ ઉપસ્થિતિ હતી. મુમુક્ષુના ધર્મપત્ની અ.સૌ. જય લક્ષ્મીબેનની અપૂર્વ ભાવના-તેમની ઉદારતા અને અતિ ઉલ્લાસના કારણે પ્રસંગ ભવ્ય ઉજવાયો. દીક્ષાના દિવસે ૨૫૦૦ ભાવિકોનું સાધાર્મિક વાત્સલ્ય ઉત્તમ દ્રવ્યોથી થયેલ. દીક્ષા પ્રસંગે મુંબઈ, કચ્છ, બેંગ્લોર, પંજાબ, જામનગર, રાજકોટ આદિ અનેક સ્થાનોથી મહેમાનો પધારેલા. શ્રી વિજય ચિંતામણી પાર્શ્વનાથ સંઘના પ્રમુખ વીરેન્દ્રભાઈ આદિ આગેવાનો, ઉત્સાહી યુવકો અને મુમુક્ષુઓ જેમના ઘરે રહેલા તે શ્રી નિતીનભાઈ ચંપકલાલ પરિવારના ઉત્સાહના કારણે પ્રસંગ અતિ ભવ્ય ઉજવાયેલ.

---

**પ.પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. દે શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજીના સમુદાયમાં પ.પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજીના પરિવારમાં વિક્રમ સવત ૨૦૬૪ માં ૭ ભાગ્યશાલીઓએ પ્રવ્રજ્યા સ્વીકારી.**

(૧) **પાલીતાણામા** માહ સુદ ૪, ૧૦-૨-૨૦૦૮ વિલ્પાબેન લાલચંદજી જુહારમલજી વાં લીવાળાનું સાધ્વીપણાનું નામ વૈરાગ્ય પ્રજ્ઞાશ્રીજી તથા ગુરૂનું નામ સાધ્વીજી ચંદ્ર દર્શનાશ્રીજી.

(૨) **પાલીતાણામાં** માહ સુદ ૪, તારીખ ૧૦-૨-૨૦૦૮ નિશાબેન સુરેશજી પુખરાજજી કવરાડાવાલાનું નામ સાધ્વીજી નિરીદપ્રજ્ઞાશ્રીજી, ગુરૂનું નામ સાધ્વીજી લક્ષિત પ્રજ્ઞાશ્રીજી જાહેર થયેલ.

(૩) **પાલીતાણામા** ફાગણ સુદ ૨, તા. ૯-૩-૨૦૦૮ પરેશભાઈ વીરેન્દ્રકુમાર પાલગોત્ર ચૌહાન દોકરાઈવાલાનું નામ દીક્ષા પછી મુનિરાજશ્રી આગમરત્નવિજયજી, ગુરૂનું નામ આચાર્ય શ્રી અજિતરત્નવિજયજી જાહેર થયેલ.

(૪) **પાલીતાણામા** વૈશાખ સુદ ૨, ગુરૂવાર તા. ૭-૫-૨૦૦૮ ને સ્થાનકવાસી સાધુએ દેરાવાસીમાં મોટી દીક્ષા સ્વીકારી-નામ મુનિરાજશ્રી ધાર્મિકરત્નવિજયજી અને ગુરૂનું નામ મુનિરાજશ્રી ભાવેશરત્નવિજયજી.

(૫) પાલીતાણામાં ચૈત્ર વદ-૧૩, શનિવાર તા. ૩-૫-૨૦૦૮ને ભારતેન્દ્રભાઈ રમેશચંદ્ર ધર્મચંદ્રજી સંઘવીએ દીક્ષા સ્વીકારી-નામ મુનિરાજશ્રી ગણધર વિજયજી તથા ગુરૂનું નામ વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલ રત્નસૂરીશ્વરજી જાહેર થયેલ.

(૬) **પાલીતાણામા** વૈશાખ સુદ-૨, ગુરૂવાર તા. ૭-૫-૨૦૦૮ ને જીગર ભાવેશભાઈ પાટનવ લાએ દીક્ષા સ્વીકારી-નામ મુનિરાજશ્રી યોગરત્નવિજયજી અને ગુરૂનું નામ મુનિરાજશ્રી દીપકરત્નવિજય જાહેર થયેલ.

(૭) સિરોડીમાં વૈશાખ સુદ ૧૨, તા. ૧૬-૫-૨૦૦૮ ને દીપકભાઈ ખુબચંદજીએ સંયમ સ્વીકાર્યુ અને ગુરૂનું નામ મુનિરાજશ્રી દાનરત્નવિજયજી જાહેર થયેલ.


સૌદાગર ત્યાંથી ચાલ્યો ગયો ને અરિંજયને કહ્યું.
અરિંજય...! તું ધનજયને લઈને સૌદાગરના પઢાવ પર રાત્રે જાજે.
જેવી મહારાજની આજ્ઞા.
સંધ્યા થતા અરિંજય અને ધનંજય સૌદાગરના પઢાવ પર પહોંચી ગયા. સૌદાગરના ત્યાં સૈનિક હાજર હતા. બધાને તે બન્નેએ સાવધાન કરી પોતે પૂરા પઢાવ પર ચક્કર લગાવ્યું.
રાત્રી પસાર થવા લાગી. બધા સૈનિક તમ્બુની બહાર નીકળીને ભેગા થયા.
હવે કોઈ ભય નથી.
ભયનો સમય વહી ગયો છે. આવો આપણે સાથે વાત-ચિત કરીએ.
બધા સૈનિક ગોળ રાઉન્ડમાં બેઠા.
હવે તો કોઈ વાર્તા કહો તો આપણી બાકીની રાત પસાર થઈ જાય.
તમે સંભાળાવો મિત્ર સારી વાર્તા.

# પરિમલ

- પૂ. આચાર્યદેવશ્રી
શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી
મહારાજા

★ પાપનો સ્વભાવ એવો છે જે દુઃખ આપ્યા વિના જાય નહિ માટે તે મજેથી વેઠવા તૈયાર રહેવું જોઈએ - આવું જેના મનમાં હોય તે જ ભણેલો બાકી બધા અભણ !

★ જે મોક્ષનો અર્થ બને તેને કર્મયોગે સંસારનું સુખ ભોગવવું પડે તો ભોગવે, પણ રાગ કરવા જેવું તો ન જ લાગે. દુઃખ મજેથી ભોગવે, દ્વેષ ન થાય તેમ જીવે- આવા વિચારવાળા પંડિત-ડાહ્યા કહેવાય. આવા વિચાર ન હોય તે ગમે તેટલું ભણ્યા હોય તો ય બેવકુફ, મુરખ, અજ્ઞાન કહેવાય.

★ 'દુઃખમાં મૂંઝાય અને સુખમાં રાગી થવું' તે ભૂંડામાં ભૂંડું છે. આ વાત મગજમાં આવે તો કાલથી સુખી !

★ જેનો દુઃખનો દ્વેષ નીકળી ગયો અને પાપનો દ્વેષ પેદા થયા તો તે અડધું જગત જીતી ગયો.

★ દુઃખને મજેથી સહન કરનારો સદ્‌ગતિમાં જાય દુઃખમાં રોનારો અને સુખને ઝંખનારો દુર્ગતિમાં જાય.

★ 'સુખ આવે તો સનેપાત નથી કરવો અને દુઃખ મજેથી વેઠવું છે' તે ડાહ્યો જીવ છે.

★ જ્યાં સુધી પાપ જીવતું હોય ત્યાં સુધી દુઃખી ઉભું રહેવાનું, જાય જ તેવો નિયમ નહિ. તમે કહો હવે અમને ચિંતા દુઃખની નથી, ચિંતા પાપની જ છે.

★ પાંચે ઈન્દ્રિયોથી મળતાં સુખમાં થતો આનંદ તે મૈથુન છે. તે સુખ મેળવવા, ભોગવવા જરૂરી એવી ચીજ ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસે ટકે, જમીન-જાગીર, સોનું-રૂપું તે બધું પરિગ્રહ છે. તે બે પાપ જ છે તેમ તેમ માનો છો ? તે બધાનો ભોગવટો તે પણ પાપ છે તેમ માનો છો ? ઘર-બારાદિ બધું પુણ્યથી જ મળે છે પણ તે બધા છે પાપ જ-તેમ માનો છે ?

★ બંગલો મળે પુણ્યથી માટે તેને પુણ્યશાલી કહીએ, પણ તેને તે સારો માને તો મહામિથ્યા દષ્ટિ કહીએ તો તે સાંભળશે ?

★ મંદિર-ઉપાશ્રયે આવવું તે ધર્મ. અને અહીંથી ઘરે જવું તે પાપ ! અહીં મજેથી આવો અને ઘેર દુઃખી દુઃખી થઈને જાવ ને ? મંદિર-ઉપાશ્રયે ઉલ્લાસથી આવો અને ઘેર-પેઢીએ દુઃખી થઈને જાવ ને ? તમે મંદિર ઉપાશ્રય કિંમતી માનો કે ઘર-પેઢી ?

★ દુનિયાના કોઈપણ સુખની કે તે સુખના સાધનની જરૂર પણ પેદા થાય તે પાપના ઉદયથી જ થાય, તે જરૂર ખુદ પાપ અને તેનાથી નવાં જ પાપ બંધાય !

★ જીવવા માટે જ ખાવાનું છે તેમ જો સમાજ નક્કી કરે તો મોટો ભાગ નિરોગી થઈ જાય, ડોક્ટરો વા ખાય.

★ આજનો મોટો ભાગ સંસાર સુખનો અતિ ભૂખ્યો છે. તેને જેટલી સામગ્રી મળે તે ઓછી જ લાગે. અને મૈથુન-પરિગ્રહ એ બે પાપ વધી ગયા. તે બેને પાપ પણ માને નહિ. તેથી હિંસા કરવી તે રમત વાત, જૂઠ તો તક મળે બોલાય, ચોરી કરવી તે રોજનું કામ, ગરમીનો પારો-ક્રોધ-હંમેશા ઊંચો જ પાર વિનાનો, અભિમાનની વાત ન પૂછો, માયા તો તો વાત-વાતમાં કરે, લોભ, રાગ, દ્વેષ, કલક, કજિયા કેટલા તેનું તો વાર્ણન ન થાય, આ આવો-તેવો તેવી નિંદાનો પાર નહિ, ચાડી ચૂગલી કર્યા વિના જીભની ચળ ન ઉતરે, સફાઈબંધ જૂઠ તો એવું બોલે કે ભલભલાને ભૂ પાય. આ બધા પાપ કરવા છતાંય પોતાને સારો માનીને જ ફરે !

જૈન શાસન અઠવાડિક : માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેક્ષી ક્રીએશનમાંથી છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.